Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue: 159 Dt.15-04-2022 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001



### પંજાબમાં 'આપ'નાં ભવ્ય વિજયનાં નિર્માતાની આગાહી

# ગુજરાતમાં 'આપ'ને ૫૫થી વધુ સીટ મળવાની સંભાવના

### અમે ખૂબ ગંભીરતાથી ચૂંટણી લડશું: વ્યૂહબાજ ડો.સંદિપ પાઠક: ગુજરાતમાં અમારા સર્વેક્ષણમાં આપ ની સ્થિતિ ખૂબ સારી હોવાના સંકેત

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીનાં મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીનાં રાષ્ટ્રીય વડા અરવિંદ કેજરીવાલનાં ખાસ ચૂંટણી સલાહકાર અને પંજાબમાં આમ આદમી પાર્ટીનાં અકલ્પનિય ભવ્ય વિજયનાં નિર્માતા તેમજ ચૂંટણી વ્યૂહરચનાનાં ચાણકય ગણાતા ડો.સંદિપ પાઠક માને છે કે ગુજરાતમાં 'આપ'ની પરિસ્થિતિ ઘણી સુધરી છે અને સરકાર પણ બનાવી શકે છે.

વૈજ્ઞાનિક અને આઈઆઈટીનાં પૂર્વ પ્રોફેસર એવા ડો.સંદિપ પાઠક અત્યારે રાજયસભામાં 'આપ'નાં સભ્ય તરીકે સક્રિય છે. પંજાબ વિધાનસભાની ચૂંટણીઓમાં 'આપ'ની શાનદાર અને જોરદાર સફળતાનો યશ પાઠકની વ્યૂહરચનાને આપવામાં આવે છે. પાઠક લોકસર્વેક્ષણ કરવામાં પણ કાબેલ ભેજું માનવામાં આવે છે.

મીડિયા સાથેની એક ખાસ મુલાકાતમાં સંદિપ પાઠકે ગુજરાતમાં 'આપ'ની પરિસ્થિતિ અને આગામી ચૂંટણીઓ વિશેની પોતાની યોજના અંગે કેટલીક મહત્વની વાતો કરી હતી. તેઓ માને છે કે, ગુજરાતમાં 'આપ'ની સ્થિતિ ઘણી સારી છે.

ગુજરાતની ચૂંટણીઓ બારામાં સવાલ થતા તેમણે જણાવ્યુ હતું કે, આ વખતે ચૂંટણીઓ અલગ પ્રકારની રહેશે. અમે ખૂબ ગંભીરતાથી ચૂંટણી મેદાનમાં ઝુકાવશું. અમારો આંતરિક સર્વે જણાવે છે કે, અમે સરકાર પણ રચી શકીએ એવી સ્થિતિમાં છીએ. અમે પૂરો અભ્યાસ કર્યા વિના કોઈ રાજ્યમાં જતા નથી. ગુજરાતમાં ખૂબ સારી તક છે એવું હું માનું છું.

ગુજરાત અંગેનો તમારો આંતરિક સર્વેશું કહે છે એવું પૂછવામાં આવતા આપ નાં ચાણકય પાઠકે જણાવ્યું હતું કે, અમે મક્કમ પ્રગતિ કરી રહ્યા છીએ. અત્યારે હું કોઈ વિગતો જાહેર કરવા માંગતો નથી અત્યારે આંકડાની વાત કહેવી સારી ન ગણાય પણ એટલું કહું છું કે, અત્યારનાં તબક્કે ૫૫ થી ૫૮ બેઠક એવી છે જયાં અમારી સ્થિતિ મજબુત દેખાઈ છે. અમારું રાજકારણ સારું શાસન આપવા પર આધારિત છે. સારી શાળાઓ, સાધન સજ્જ હોસ્પિટલો એવા બધા મુદ્દા અમારા એજન્ડામાં છે. પરંતુ ગુજરાત હિન્દુત્વની લેબોરેટરી છે તેનું શું એવા પ્રશ્નનાં જવાબમાં પાઠકે કહ્યું હતું કે, એ વાત મિથ્યા છે એવું કશું નથી. ગુજરાતની પ્રજા પણ દેશની જેમ જીવન જરૂરી ચીજો માટે સંઘર્ષ કરી રહી છે. રોજનું રૂ.૨૦૦ કમાતો હોય એ ઘર કેવી રીતે ચલાવે. અભિ તક પબ્લિક કે દિમાગ મેં કોઈ ઓલ્ટરનેટ નહીં થા, ઇન કી કોઈ લેબોરેટરી નહીં હૈ ઔર વો કામ આને વાલી ભી નહીં હૈ. પ્રજાને જે જોઈએ છે એ છે સારું જીવન. એટલે પ્રજા હવે તૈયાર છે. લોકો એમને ૨૭ વર્ષ આપ્યા છે હવે એમના જવાનો સમય થઇ ગયો છે. કોંગ્રેસ અંગે તેમણે કહ્યું કે, કોંગ્રેસનું અસ્તિત્વ જ કયાં છે? એ ચૂંટણી લડતી જ નથી.(૨.૧૨)

# બેંગ્લોરમાં ભરઉનાળે ચોમાસું: ભયાનક વર્ષાતાંડવથી એકનું મોત

### મહાનગરનાં અનેક વિસ્તારોમાં અને મકાનોમાં પાણી ભરાયા, અનેક સ્થળે વૃક્ષો ધરાશાયી



**(એજન્સી સમાચાર)**

બેંગ્લોર, તા.૧૫

કર્ણાટકનાં બેંગ્લોર શહેરમાં ગુરૂવારે અચાનક મૌસમનો મિજાજ પલટાયો હતો અને અનરાધાર ભારે વરસાદ તૂટી પડતા અનેક વિસ્તારો અને મકાનો જળબંબાકાર થઇ ગયા હતા. વીજ આંચકો લાગવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયાનું નોંધાયું હતું. હજુ બે દિવસ ભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

બેંગ્લોરમાં ભારે પવન અને વર્ષાતાંડવને કારણે ૧૨ થી વધુ વૃક્ષો પડી ગયા હતા. મહાનગરપાલિકા અને ફાયરબ્રિગેડનાં જવાનોની ટુકડીઓ શહેરભરમાં રાહત અને બચાવ કામગીરી કરી રહી છે. ચારેતરફ પાણી ભરાયા છે અને લોકોને

(અનુ.પાના નં.૪ ઉપર)

# મેઘાલયમાં ચક્રવાતી વાવાઝોડાનો કાળોકેર, ભારે તારાજી

### ૪૭ ગામોમાં એક હજારથી વધુ મકાનોને નુકશાન, હજારો બેઘર: હજુ ભારે વરસાદ થવાની આગાહી, વડાપ્રધાન મોદીએ તમામ સહાયની ખાતરી આપી



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૫

ઇશાન ભારતનાં મેઘાલયમાં રીભોઈ જિલ્લામાં ગઈકાલે અચાનક ચક્રવાતી વાવાઝોડું ત્રાટકતા હજારો લોકો બેઘર બની ગયા છે. અવિરત ભારે વરસાદ ચાલુ હોવાથી અનેક ગામડાઓમાં પરિસ્થિતિ ગંભીર બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેઘાલયને તમામ સહાયની ખાતરી આપી છે. જાણવા મળ્યા મુજબ ૪૭ ગામોમાં એક હજારથી વધુ મકાનોને નુકશાન થયું છે.

સતાવાર સુત્રોએ આપેલી માહિતી મુજબ ભારે વરસાદ અને ચક્રવાતી તોફાનને કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. જો કે સદ્નશીબે હજુ કોઈ જાનહાની થઇ નથી. ઇશાન ભારતનાં તમામ રાજયોમાં વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો છે અને ત્રણ દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેઘાલયનાં મુખ્યમંત્રી કોનરાડ સંઘમાને તમામ શક્ય મદદની ખાતરી આપી છે. મોદી અધિકારીઓ પાસેથી તમામ વિગતો મેળવી રહ્યા છે. વાવાઝોડાથી એક બીડીઓ ઓફીસ અને પશુ ચિકિત્સાલય સહિત અનેક સરકારી મિલકતો અને એક શાળાને નુકશાન થયું છે.

આગામી પાંચ દિવસ સુધી દેશના પૂર્વોતર રાજ્યો અને પશ્ચિમ બંગાળમાં પણ ભારેથી અતિભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વરસાદની આગાહી થઇ છે અને તંત્રને સાવધ કરવામાં આવ્યું છે.(૨.૧૨)

# હાર્દિક પટેલ માટે દરવાજા ખુલ્લા છે: ગોપાલ ઈટાલીયા

### કોંગ્રેસથી નારાજ હાર્દિકને 'આપ'માં જોડાઈ જવાનું ખુલ્લું આમંત્રણ; જો આવા ક્રાંતિકારી યુવા નેતા આવે તો અમે ચોક્કસ આવકારશું: 'આપ'નાં પ્રદેશ વડાનું ચોખ્ખું ઈજન



**(એજન્સી સમાચાર)**

સુરત, તા.૧૫

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશનાં પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ આજે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે, આમ આદમી પાર્ટીનાં દરવાજા હાર્દિક પટેલ માટે ખુલ્લા જ છે. જો હાર્દિક કોંગ્રેસમાં ખુશ ન હોય તો 'આપ'નાં દ્વાર ખુલ્લા છે કેમકે, ગુજરાતનાં આવા ક્રાંતિકારી યુવા નેતાની કાબેલીયત અને પાટીદાર સમાજમાં એમની લોકપ્રિયતા અમે જોઈ છે એટલે અમે ચોક્કસપણે એમને આવકારશું.

હાર્દિકનાં પાટીદાર અનામત આંદોલન સમયનાં હાર્દિકનાં એક સમયનાં સાથીદાર ગોપાલ ઈટાલીયાએ 'આપ'નાં પ્રદેશ વડા તરીકે આ રીતે હાર્દિક પટેલને સ્પષ્ટ ઈજન આપ્યું છે.

ગઈકાલે જ હાર્દિક પટેલે એક મીડિયા સંવાદમાં કોંગ્રેસની નેતાગીરીની ભારે ઝાટકણી કાઢી હતી અને પોતાની અવગણના કરાઈ રહ્યાની હકીકત જાહેર કરી હતી. ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, હાર્દિક કોંગ્રેસ પક્ષની નેતાગીરીથી નારાજ છે એવું અમને જાણવા મળ્યું છે. તેઓ કોંગ્રેસ છોડીને વધુ સારા રાજકીય વિકલ્પરૂપે 'આપ'માં જોડાઈ જાય એવી અમારી ઈચ્છા છે. અમે હાર્દિકને 'આપ'માં જોડાઈ જવા વિધિસર આમંત્રણ આપશું અને જો તેઓ સંમત થાય અને સ્વીકારે તો ચોક્કસપણે અમે એમને પક્ષમાં આવકારશું. અમે ખોડલધામ ટ્રસ્ટનાં વડા નરેશ પટેલને પણ આમંત્રણ આપી ચૂક્યા છીએ. જે લોકો ભાજપ અને કોંગ્રેસથી થાકી ગયા

(અનુ.પાના નં.૪ ઉપર)

# ઉત્તરપ્રદેશના ૧ ગુટકાના વેપારીના ઘરે સીજીએસટીની રેડમાં ₹.૩૧ કરોડ રોકડા મળ્યા

**(એજન્સી સમાચાર)**

લખનૌ,તા.૧૫

સેન્ટ્રલ ગુડ્સ સર્વિસ ટેક્સની ટીમે ઉત્તર પ્રદેશના એક ગુટકાના વેપારીના ઘરે રેડ કરી હતી. આ દરમિયાન વેપારી પાસેથી ૬ કરોડ ૩૧ લાખ ૧૧ હજાર આઠ સો રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

સમેરપુરમાં રહેતા ગુટકાના વેપારી જગત ગુપ્તાને ત્યાં સેન્ટ્રલ ગુડ્સ સર્વિસ ટેક્સની ટીમે રેડ કરી હતી. ૧૫ સભ્યની ટીમ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી ૧૨ એપ્રિલના સવારના ૬ વાગ્યાથી શરૂ થઈ હતી, જે ૧૩ એપ્રિલની સાંજ સુધી ચાલી હતી.

રાત થતાં બેકન્ના કર્મચારીઓ રૂપિયા રાખવા માટે મોટી ત્રણ ટ્રક લઈને પહોંચ્યા હતા. પૈસાની ગણતરી કરવા માટે સ્ટેટ બેંકના કર્મચારી ત્રણ મશીન અને મોટી ટ્રક લઈને આવ્યા હતા. લગભગ ૧૮ કલાકની ગણતરી પછી રૂપિયાને ટ્રકમાં ભરીને લઈ જવામાં આવ્યા હતા.

ટીમની સાથે આવેલા ડેપ્યુટી કમિશનરે આ અંગે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો છે. તેમણે માત્ર એટલું જ કહ્યું હતું કે જોઈન્ટ કમિશનરે સર્ચ વોરન્ટ આપ્યું હતું. એની પર આ કાર્યવાહી કરવામાં આવી છે.

### ભુજમાં ૧૫૦ કરોડના ખર્ચે આકાર પામેલી ૨૦૦ બેડની કેકે હોસ્પિટલનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું: વડાપ્રધાન મોદીએ સ્વાસ્થ્ય, પાણી અને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો

# અમેરિકામાં ખાદી વસ્ત્રોની બોલબાલા, માંગમાં સતત વધારો

### ઉદ્યોગ ભારતી ગોંડલ સંસ્થાને અમેરિકી ફેશન બ્રાન્ડનાં ઉપરાઉપર ઓર્ડર મળ્યા

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૫

ભારતનાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ પ્રબોધેલી ખાદી વસ્ત્રોની લોકપ્રિયતા દેશના સિમાડા વટાવીને વિદેશમાં પ્રસરી રહી છે. ખાસ કરીને અમેરિકામાં ખાદી ડેનિમનાં વસ્ત્રોની માંગમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને વધુ ઓર્ડર મળી રહ્યા છે. અમેરિકાની વિખ્યાત ફેશન બ્રાન્ડ પેન્ટેગોનિયા તરફથી ગોંડલની ખાદી સંસ્થા ઉદ્યોગ ભારતીને ખાદીમ ડેનિમ કાપડનો ઉપરાઉપર બીજો મોટો ઓર્ડર મળ્યો છે.

ખાદી ગ્રામ ઉદ્યોગ પંચનાં ચેરમેન વિનયકુમાર સકસેનાએ જણાવ્યું હતું કે, ખાદી ડેનિમની સર્વોતમ ગુણવત્તા આંતરરાષ્ટ્રીય ગુણવત્તા સાથે બંધ બેસતી આવે છે. પરિણામે ખૂબ માંગ વધી રહી છે. ઉદ્યોગ ભારતીને ૩૦ હજાર મીટર ખાદી ડેનિમ કાપડનો રૂ.૧.૦૮ કરોડનો ઓર્ડર મળ્યો છે એ પૂરો થતા જ એ અમેરિકી કંપનીએ જ રૂ.૮૦ લાખનાં કાપડનો બીજો ઓર્ડર મુક્યો છે. એ દર્શાવે છે કે, ખાદી હવે ખરેખર ગ્લોબલ બ્રાન્ડ બની ગઈ છે જેની લોકપ્રિયતા દિવસે- દિવસે વધી રહી છે.

ગયા માર્ચમાં અમેરિકાની મશહુર ફેશન વસ્ત્ર બ્રાન્ડ કંપનીએ અરવિંદ મીલ મારફત ડેનિમ ખાદી કાપડ મંગાવ્યું હતું.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ખાદ્યતેલોનાં બેકાબુ ભાવ પર નિયંત્રણ લાવવા કેન્દ્રની લાલઆંખ

### ગુજરાત સહિતનાં અન્ય કેટલાક રાજ્યોમાં કેન્દ્રીય ટીમનાં ધામા: સંગ્રહખોરો સામે તૂટી પડવા રાજ્યોને કેન્દ્રનાં અન્ન મંત્રાલયનો આદેશ



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૫

ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં ખાદ્યતેલની ભાવસપાટી દિવસે- દિવસે આસમાને પહોંચી રહી હોવાથી અંતે કેન્દ્ર સરકારે લાલઆંખ કરી છે અને સંગ્રહખોરી સામે પગલા લેવાનું શરૂ કર્યું છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ખાદ્યતેલો તથા તેલીબીયાની સંગ્રહખોરી સામે કડક પગલા લેવાનું શરૂ કરાયું છે. જયારે ગુજરાત સહિતનાં અન્ય પાંચ રાજ્યોમાં તપાસ માટે કેન્દ્રીય ટુકડીઓ મોકલવામાં આવી છે.

ખાદ્યતેલ અને તેલીબીયાનું મોટાપાયે ઉત્પાદન કરતા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, તેલંગણા અને દિલ્હીમાં કેન્દ્રીય ટુકડીઓએ ધામા નાખીને તપાસ શરૂ કરી છે. કેન્દ્રનાં અન્ન મંત્રાલય દ્વારા જાહેર કરાયું છે કે, છૂટક થતા જથ્થાબંધ વિક્રેતાઓ, ઓઈલ મિલરો, પ્રોસેસરોને ત્યાં જથ્થા અંગે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને દરોડાની રફતાર વધુ તેજ બનાવવામાં આવશે.

મંત્રાલય દ્વારા એક નિવેદનમાં જણાવ્યું છે કે, મધ્યપ્રદેશનાં કેટલાક વિસ્તારોમાંથી સોયાબીન અને સરસવનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સરકારે નક્કી કરેલી સ્ટોક મર્યાદા કરતા વધુ જથ્થો હોવાથી તે સીઝ કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેશમાં સંગ્રહખોરીને કારણે જ સોયાબીન તેલનાં ભાવ બેકાબુ

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ: ગંદા પાણીની રેલમછેલ સહિતની ૨૦ હજાર ફરિયાદો

### મનપાના કોલ સેન્ટરમાં ડ્રેનેજની ફરિયાદનો ધોધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

શહેરમાં ગંદા પાણીની રેલમછેલ, ડ્રેનેજ ચોકઅપ તથા ડ્રેનેજના ઢાંકણા બદલાવવા સહિતની ૨૦ હજાર સહિત અન્ય કુલ ૩૦ હજાર ફરિયાદો છેલ્લા એક માસમાં મનપાના કોલ સેન્ટરમાં નોંધાય છે. તેમાંથી મોટાભાગની એટલે કે ૨૯૮૦૦ ફરિયાદો ઉકેલાય ગઇ હોવાનો દાવો કર્યો છે.

આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ લોકોને પડતી મુશ્કેલીઓ કે પ્રશ્નોની ફરિયાદો જેવી કે પાણી વિતરણ, સ્ટ્રીટ લાઇટ, દબાણ, સફાઇ, ડ્રેનેજ સહિતની સમસ્યાઓ મનપાના કોલ સેન્ટરમાં નોંધાવાની સુવિધાઓ ઘણા સમયથી શરૂ કરવામાં આવી છે અને આ ફરિયાદ નોંધાયા બાદ તંત્ર દ્વારા ફરિયાદીને એસએમએસ મારફત ઓટીપી પણ મોકલવામાં આવે છે.

કોર્પોરેશનના કોલ સેન્ટરમાં ૧ માર્ચથી ૩૧ માર્ચ સુધીમાં વિવિધ ૩૦ હજાર જેટલી ફરિયાદો નોંધાઇ છે. જેમાં ડ્રેનેજની ૨૦ હજાર, સફાઇ અંગેની ૩ હજાર, પાણીની ૧૭૫૮, લાઇટની ૨૦૫૧, સીટી બસની ૩૦૬, ટાઉન પ્લાનીંગની ૧૩૫, બાંધકામની ૩૦૦, દબાણ હટાવની ૩૦૦, ગાર્ડન વિભાગની ૧૧૧ તેમજ ઓનલાઇન પેમેન્ટ, પાર્કીંગ, હેલ્થ, અર્બન, મેલેરીયા, એએનસીડી સહિતના વિભાગની ફરિયાદો નોંધાય છે. તંત્રના આંકડાકીય માહિતી મુજબ ૩૦ હજાર પૈકી ૨૯૮૦૦ જેટલી ફરિયાદો ઉકેલાય ગઇ હોવાનું જણાવ્યું છે.

# પ્રદેશ કોંગ્રેસનાં કેટલાક હોદ્દેદારો મને પક્ષમાંથી કાઢવા માંગે છે, મેં રાહુલને વારંવાર રજૂઆત કર્યા છતાં કોઈ પગલા લીધા નથી: હાર્દિક

### રાહુલ ગાંધીનું ધ્યાન દોર્યા છતાં કશું ન થતા મને વધુ દુઃખ થયું



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૫

ગુજરાત કોંગ્રેસમાં પોતાની અવગણના અંગે અને પક્ષની પરિસ્થિતિ અંગે સીધું રાહુલ ગાંધી પર નિશાન તાકતાં પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે એવો આક્ષેપ કર્યો હતો કે, પ્રદેશ કોંગ્રેસનાં કેટલાક હોદ્દેદારો મને પક્ષ છોડવા માટે મજબુર કરવા હેરાન કરી રહ્યા છે. આ અંગે મેં પક્ષનાં મોભી રાહુલ ગાંધી સમક્ષ ઘણી વખત રજુઆતો કરી છે. પરંતુ પ્રદેશ કોંગ્રેસનાં નેતાઓ સામે કોઈ પગલા લેવાયા નથી.

પોતાની વ્યથા વ્યક્ત કરતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, મેં પ્રદેશ કોંગ્રેસની પરિસ્થિતિ અંગે વારંવાર રાહુલ ગાંધી સમક્ષ રજૂઆતો કરી છે. પણ કશું કરવામાં નથી આવ્યું તેનું મને વધુ દુઃખ છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્ક: ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

CMYK

**બાવડાનાં બળની કસોટી**

# રવિવારે ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપ યોજાશે



'સૌરાષ્ટ્ર ક્રાંતી'કાર્યાલયની મુલાકાતે પધારેલ બોડી બિલ્ડિંગ એસોસિએશનના કાર્યકર્તા કેવલ રાઠોડ, છત્રપાલસીંહ જાડેજા (રીબડા), દિવ્યરાજસીંહ જાડેજા (રીબડા), જીજ્ઞેશ રામાવત, જનક ઘોરેચા, જીજ્ઞેશ અમરેલીયા, મોહિત કંડોલીયા, ભાવિન જરીયા, સાગર પાલા, મોહમ્મદ ઈન્દોરીવાલા, હિમાંશુ રાઠોડ, દિલુભા વાળા, કેતન ત્રીવેદી, રીતેશ પટેલ, નિલેશ વાળા, ચંદ્રકાંતભાઇ શેઠ, દિપકભાઈ કવિતા, નાનુભાઈ સોલંકી, નાનુભાઈ જીવાણીતસવીરમાં નજરે પડે છે.

**રેસકોર્ષમાં બોડી બિલ્ડીંગ એસો. ઓફ રાજકોટનું બળકટ આયોજન, ૧૫૦ ખેલાડીઓ ભાગ લેશેઃ પહેલીવખત આવી સ્પર્ધામાં મહિલા બોડી બિલ્ડર પણ ભાગ લેશે**

**રવિવારે સાંજે ૬ વાગ્યે કવિશ્રી રમેશ પારેખ રંગમંચ રેસકોર્ષમાં રોમાંચ જગાવશે કુસ્તીબાજોઃ વિજેતાઓને મેડલ, ટ્રોફી, રોકડ ઇનામ અને પ્રોટીન પાવડર અપાશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

ગુજરાત યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા માન્ય બોડી બિલ્ડિંગ એસોસિએશન ઓફ રાજકોટ દ્વારા ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૨નું આયોજન આગામી તા.૧૭ ને રવિવારે સાંજે ૬ કલાકે કવિ શ્રી રમેશભાઇ પારેખ રંગમંચ રેસકોર્ષ ખાતે રાખેલ છે.

સૌરાષ્ટ્રભરના બોડી બિલ્ડરોને પ્રોત્સાહિત કરવા તેમજ બોડી બિલ્ડિંગ ક્ષેત્રે આગળ વધે તે માટે વર્ષ ૨૦૦૪ થી સતત દર વર્ષે ઓપન સૌરાષ્ટ્ર બોડી બિલ્ડિંગ ચેમ્પિયનશિપનું આયોજન રાજકોટ ડિસ્ટ્રીકટ બોડી બિલ્ડિંગ એસોસિએશન દ્વારા કરવામાં આવતું હોય છે. તેમાં છેલ્લા ઘણા વર્ષોથી શહેરમાં સારી નામના ધરાવતું મસલ એન્ડ ફીટનેસ જીમ પણ આ આયોજનમાં સાથે ખભેથી ખભો મીલાવીને ભાગ લેતુ હોય છે.

રાજકોટ ડિસ્ટ્રીકટ બોડી બિલ્ડિંગ એસોસિએશન તથા મસલ એન્ડ ફીટનેસ જીમ દ્વારા સૌરાષ્ટ્રભરના બોડી બિલ્ડરોને એક મોટુ સ્ટેજ પુરું પાડે છે.

આ ચેમ્પિયનશિપમાં સૌરાષ્ટ્ર ભરના ખેલાડીઓ (બોડી બિલ્ડર) ભાગ લઈ શકે છે. જેની કેટેગરી આ પ્રમાણે છે, (૧) ૦૦ થી ૫૫ કિગ્રા સુધી (૨) ૫૬ થી ૬૦ કિગ્રા સુધી (૩) ૬૧ થી ૬૫ કિગ્રા સુધી (૪) ૬૬ થી ૭૦ કિગ્રા સુધી (૫) ૭૧ થી ૭૫ કિગ્રા સુધી (૬)૭૬ થી ૮૦ કિગ્રા સુધી (૭) ૮૧ કિગ્રા ઉપર (૮) મેન ફિઝીક્સ ઉપર મુજબની કેટેગરી રહેવાની છે. આ આઠ કેટેગરીમાં એક બે ત્રણ વિજેતાને મેડલ, ટ્રોફી, સર્ટિફિકેટ, રોકડ પુરસ્કાર, પ્રોટીન પાવડર વગેરે આપવામાં આવશે.

બોડી બિલ્ડર ખેલાડીઓ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશ, જેના માટે કેતન ત્રીવેદી મો. ૯૮૯૮૧૦૦૦૪૦, નીલેશ વાળા મો. ૯૯૭૯૩૭૯૮૭૫ પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કન્ફર્મ કરવું. આ આયોજનને સફળ બનાવવા કેવલ રાઠોડ, છત્રપાલસીંહ જાડેજા (રીબડા), દિવ્યરાજસીંહ જાડેજા (રીબડા), જીજ્ઞેશ રામાવત, જનક ઘોરેચા, જીજ્ઞેશ અમરેલીયા, મોહિત કંડોલીયા, ભાવિન જરીયા, સાગર પાલા, મોહમ્મદ ઈન્દોરીવાલા, હિમાંશુ રાઠોડ, દિલુભા વાળા, કેતન ત્રીવેદી, રીતેશ પટેલ, નિલેશ વાળા, ચંદ્રકાંતભાઇ શેઠ, દિપકભાઈ કવિતા, નાનુભાઈ સોલંકી, નાનુભાઈ જીવાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

# ભાજપ પ્રદેશ પ્રમુખની ભૂલને લોકો માફ કરશે?

## ભગવાન શ્રીકૃષ્ણ અને બહેન સુભદ્રાજીને પતિ-પત્ની ગણાવનાર સી.આર.પાટીલ સામે યદુવંશી મહાસભાના અધ્યક્ષ હેમંત આહિરે ઉઠાવ્યા સવાલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

ભાજપે ગુજરાતમાં શાસન મેળવ્યું હતું જેનું એક માત્ર પરિબળ હિંદુત્વ છે ત્યારે ગુજરાતની પ્રજાને શરમમાં મૂકે એવી વાત ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે કરી છે. જેમાં ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના બહેન સુભદ્રાજીને પતિ પત્ની ગણાવી પોતાની અજ્ઞાનતા છતી કરી હતી. તેવો આક્રોશ અખિલ ભારતીય યદુવંશી મહાસભાના ગુજરાત અધ્યક્ષ હેમંતભાઈ આહિરે વ્યકત કર્યો છે. પોરબંદરના માધવપુરમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણીજીના વિવાહ પ્રસંગે લોકમેળાના કાર્યક્રમમાં રાજકીય આગેવાનો પદાધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ આ મેળામાં મેહમાન બન્યા હતા. સ્ટેજ ઉપરથી લોકોને સંબોધન કર્યું હતું ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણીજીના લગનનો ઉલ્લેખ કરવાને બદલે રૂકમણીજીની જગ્યાએ સુભદ્રાજીનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં શ્રી કૃષ્ણ ભગવાન અને તેમના બહેન સુભદ્રાજીના વિવાહ માટે આ મેળો પ્રખ્યાત છે એવું બોલ્યા હતા. પરંતુ પાટીલજીની અજ્ઞાનતા છતી થઈ હોય તેવું ધર્મપ્રેમી જનતામાં જોવા મળી રહ્યું છે. કારણ કે શ્રી કૃષ્ણજીના બહેન સુભદ્રાજી હતા અને તેમના પત્ની રૂક્મિણી જી હતા ત્યારે આ ભૂલને લોકો માફ કરશે? તેવો સવાલ ઉઠાવીને ઉમેર્યુ છે કે, શ્રી કૃષ્ણ અને તેમના બહેન સુભદ્રાજી વિશે પોતાની અજ્ઞાનતા દર્શાવનાર સી.આર.પાટીલે પોતાની ભુલ સ્વીકારી અને ધર્મપ્રિય જનતાની માફી માંગવી જોઈએ.






# પ્રેમ પ્રકરણમાં કરેલ ખૂનના ગુનામાં આરોપીના જામીન મુકત કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૫

પ્રેમ સંબંધમાં પ્રેમીએ પ્રેમિકાના પતિની હત્યા કરવાના ગુનામાં પોલીસે આરોપીને પકડી પાડી જેલ હવાલે કર્યા હતા આરોપીએ જેલમાંથી છૂટવા જામીન અરજી કરતાં કોર્ટે આરોપીને જામીન પર છુટવા હુકમ કરેલ હતો.

આ કેસની વધુ વિગત એવી છે



એડવોકેટઃ રાજન કોટેચા

કે, તા.૦૪/૦૫/૨૧ના આરોપી સંજીવ ઉર્ફે છોટીયાએ પ્રેમ સંબંધમાં જામનગર રોડ પર પ્રેમિકાનો પતિ સાગર રાઠોડને પથ્થરના ઘા ઝીકી હત્યા કરેલ હતી તથા પ્રેમિકાને ફોન કરી ઘટનાની જાણ કરેલ અને તેની સાથે બિહાર ભાગી જવા અને આ ઘટના બાબતે કોઈને જાણ ન કરવા તથા કોઈને જાણ કરીશ તો પ્રેમિકાનું પણ ખૂન કરવા ધમકી આપેલ હોવાના આરોપમાં ગાંધીગ્રામ પોલીસે આરોપીની ધરપકડ કરેલ હતી આરોપીએ જેલમાંથી જામીન પર છુટવા જામીન અરજી કરતા આરોપી તરફે રહેલ વકીલે દલીલ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર કેસે સયોગિંક પુરાવા આધારિત છે, નજરે જોનાર કોઈ સાક્ષી નથી. તેવી દલીલોને ધ્યાને લઇને કોર્ટે આરોપી સંજય ઉર્ફે છોટિયાને જામીન મુક્ત કરતો હુકમ ફરમાવ્યો હતો. આ કામમાં આરોપી તરફે એડવોકેટ રાજન કોટેચા, કૃણાલ કોટેચા, સંદીપ વેકરીયા, અંકુર લિંબસિયા, જય રંગાણી, વારીસ જુણેજા, રાજદીપ દાસાણી અને સહાયક તરીકે ડે નિશા પટેલ રોકાયેલાં હતા.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

# ઈવનિંગ પોસ્ટમાં રવિવારે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ

## કરાઓકે આર્ટીસ્ટ ડો. અસિત ભટ્ટ દ્વારા પ્રથમ વખત જ વન મેન શો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

રંગીલા રાજકોટની કરાઓકેની દુનિયામા છેલ્લા પાંચ-સાત વર્ષોથી નિયમિત રીતે કરાઓકે ફિલ્મી ગીતોનો પવન મેન શોથ કરતાં ડો અસિત ભુપતરાય ભટ્ટ નિવૃત્ત સરકારી વ્યાખ્યાતા છે અને બાળપણના શોખને અત્યારની ઉંમરમાં પુરા કરવાનો અભિગમ ધરાવે છે.

આગામી તા.૧૭ રવિવારના રોજ તેઓ સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત જ ગુજરાતી કરાઓકે ગીતોનો પવન મેન શોથ કરવા જઈ રહ્યા છે. જેમાં તેઓ ગુજરાતી ગીતો, ગઝલ, ભજન, ગરબા, હળવું સંગીત, કાવ્યો, હાલરડાં, હાસ્યગીતો વગેરે જેવી કૃતિઓ રજૂ કરવાના છે. તો રાજકોટની સંગીત પ્રેમી જનતાને સાંજે ૫.૩૦ થી ૯ સુધી ઇવનિંગ પોસ્ટ, જિલ્લા બેન્ક ભવનની બાજુમાં કાર્યક્રમને માણવા નિમંત્રણ પાઠવ્યું છે.




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**


# મોટી વાવડી (ધોરાજી) ખાતે સવરા મંડપનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

આગામી તા. ૨૫ અને ૨૬ એપ્રિલના રોજ મોટી વાવડી ગામે સમસ્ત ગામ દ્વારા સવરા મંડપનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ બીજ ધર્મનું પાલન વિનુભાઈ વિંઝુડા દ્વારા કરવામાં આવેલ હતું.

આ પ્રસંગની શોભા વધારવા માટે કાર્યક્રમના અધિપતિ તરીકે રાજ્યસભાના પૂર્વ સાંસદ શંભુનાથજી મહારાજ, પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા, કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, જીલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા, પૂર્વ સાંસદ હરિભાઈ પટેલ, ઉપલેટા નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ સુવા, તાલુકા પંચાયત પ્રમુખઓ રસિકભાઈ ચાવડા અને વિનુભાઈ ચંદ્રવડિયા પૂર્વ જીલ્લા પંચાયત ચેરમેન બાલુભાઈ વિંઝુડા તેમજ અન્ય આગેવાનો હાજર રહી આ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશે. તા. ૨૫ ના રોજ સમસ્ત ગામ દ્વારા સામૈયા, સાંજના ભોજન પ્રસાદી અને રાત્રીના સમયે મહાનુભાવો અને દાતાઓના સન્માન અને ભવ્ય લોકડાયરો તેમજ તા. ૨૬ ના રોજ સવારે શુભ ચોઘડીયે મંડપ ખડો કરવામાં આવશે તો આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને પધારવા માટે સમસ્ત મોટી વાવડી ગામ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજકોટ વૈદ્ય સભા દ્વારા નિઃશુલ્ક દંત યજ્ઞનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

રાજકોટના ૧૯ થી રાજકોટ વૈદ્ય સભા અને શાસ્ત્રી સ્વલાધારામ એલ પંડ્યા ચેરીટેબલ ટ્રસ્ટનાં સંયુક્ત ઉપક્રમે દર મંગળવારે સવારે ૧૦-૩૦ થી ૧૨ ધન્વન્તરી ભવન, કેનાલ રોડ, ખાતે વિના મુલ્યે દંત ચિકિત્સા અને ટોકન દરે બત્રીસીનાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પમાં શાસ્ત્રી એલ.પંડ્યા ચેરીટેબલ ટ્રસ્ટ હ.હર્ષદભાઈ પંડ્યા અને ડોદિવ્યાબેન રાજેશ ભાઈ મેહતા આર્થિકનો સહયોગ મળે છે.ડો.જયસુખ મકવાણા, સંજય અગ્રાવત, કુ.મોનિકા ભટ્ટ, કુ.જાગૃતિ ચૌહાણ, રાજેશભાઈ વરિયા, વિનુભાઈ સેવા આપશે. જરૂરીયાતમંદ દર્દી ને તદન ટોકન દરે દાંત ની બત્રીસી બનાવી આપશે.જનતાને લાભ લેવા વૈદ્ય સભાના પ્રમુખ ડો.એચ.એલ.મંડીર અને મંત્રી ડો.ભાનુ ભાઈ મેતા અને હર્ષદભાઈ પંડ્યા અને હસુભાઈ મકવાણા એ અપીલ કરેલ છે. તેમ પ્રેસ ઇન્ચાર્જ મોનિકા ભટ્ટે યાદી માં જણાવ્યું છે.

# વીરનગર પાસે કારને અકસ્માત

## હાઇ-વે પર પડેલા ખાડાનાં કારણે કાર ડિવાઈડર પર ચડી ગઇ, જાનહાની ટળી



(કરશન બામટા દ્વારા)
આટકોટ, તા.૧૫

રાજકોટ ભાવનગર હાઈ-વે પર વીરનગર પાસે ફોર વ્હીલર ડીવાઈડર પર ચડી ગઈ રોડ પર પડેલા ખાડાનાં કારણે અકસ્માત સર્જાયો હતો. જોકે મોટી જાન હાની ન થઈ હતી. હાઈવે પર પડેલા ખાડો અકસ્માત થયો હતો છતાં હજી સુધી રોડ પર ના ખાડામાં બુરવામા આવતાં નથી. ફોર વ્હીલરનું ટાયર તુટી ગયું હતું. ઘણા ટુ વ્હીલર પણ પણ અકસ્માત થતાં હોય છે.

# હવે ઘર કેમ ચલાવવું? તેવી ચિંતામાં ઝેરીદવા પી યુવક નો આપઘાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

રાજકોટ મોરબી રોડ પર મફતીયાપરામાં રહેતા દિપકભાઇ દિનેશભાઇ પરમાર (ઉ.વ.૨૨) એ ગત રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ફરજ પર ના તબીબે તપસી મૃત્યુ ની જાણ કરતા પરમાંર પરિવાર પર આભ ફાટ્યું હતું. જે અંગેની જાણ બી ડીવીઝન પોલીસને થતા હોસ્પિટલે દોડી જઇ પરિવારની પુછપરછ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મૃતક દિપકભાઇ કારખાનામાં મજુરી કામ કરતો હતો અને તેને ત્રણ બહેન અને એક ભાઇ છે.જેમાં તે ચોથા નંબરનો ભાઇ હતો અને પરિવારની જવાબદારી તેમના ઉપર હતી. મજુરી કામ કરીને તેમને ત્રણ બહેનોના લગ્ન કરાવ્યા હતા જે બાદ તેમના માતા-પિતા અને નાના ભાઇની જવાબદારી તેમના ઉપર આવી ગઇ હતી. જે બાદ આર્થિક સંકળામણથી કંટાળીને તેમને અંતિમ પગલુ ભરી લીધું હતું. મૃતક અપરિણીત હતો પાંચ બહેન ભાઇમાં ચોથા નંબરનો હતો. યુવકના મોતથી પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ ક્રાઈમ

## પ્રોહિબિશનના ગુન્હામાં નાસ્તો ફરતો આરોપી ઝડપાયો

રાજકોટઃ થોરાળા પોલીસ સ્ટેશનના પ્રાહિબિશનના ગુન્હામાં નાસ્તો ફરતો આરોપી ભાવનગર રોડ રાજમોતી મિલ પાસે મયુરનગર મેઈન રોડમાં રહેતો નયન ઉર્ફે નયલો વિનોદભાઈ ચૌહાણ (ઉ.વ.૨૧)ને પેરોલ ફર્લો સ્કવોડને મળેલ ચોક્કસ બાતમીના આધારે તેના ઘર પાસેથી ઝડપી લઇ થોરાળા પોલીસ સ્ટેશનને સોપવા તજવીજ હાથ ધરી.

## આઈ.પી.એલ.ની મેચમાં સટ્ટો રમતો ૧ ઝડપાયો

રાજકોટઃ ગાંધીગ્રામ પોલીસને મળેલ ચોક્કસ બાતમીને આધારે એરપોર્ટ રોડ હોટલ પેકટીયા સામે સહજાનંદ એપાર્ટમેન્ટ પાસેથી હમણાં ચાલી રહેલી આઈપીએલની મેચમાં ઓનલાઈન સટ્ટો રમાડતો સહજાનંદ એપાર્ટમેન્ટ ચોથા માળે ફ્લેટનં.૪૦૩માં રહેતો ઇસમ રવિ હરેશભાઈ મહેતાને સેમસંગ મો.કિં.૧૦૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યુપી અને એમપીનાં માર્ગે ગુજરાતઃ ખંભાતનાં શક્કરપુરમાં તોફાનીઓનાં મકાનો પર બુલડોઝર ફરી વળ્યા, પોલીસ અધિકારીઓની હાજરીમાં મોટાપાયે કાર્યવાહી

# લોઢવા ગામે ૧૯મી થી ધાર્મિક ઉત્સવ

## ભોળા(કાગડા) પરિવાર દ્વારા ૧૯ મીએ સંતવાણી, ૨૦ મી એ રાસ-ગરબા, ૨૧ મીએ સમૂહ ભોજન સહિતના કાર્યક્રમો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
લોઢવા, તા.૧૫

લોઢવા, મોરડીયા, સોળાજ, ઘંટીયા, આજોઠા ગામોમાં રહેતા ભોળા(કાગડા)પરિવાર દ્વારા સુરાપુરા હીરાઆતા, મેહુર આતા, દહેરું આતા પરિવારનાં પિતૃની શાંતિ અને મોક્ષ અર્થે પંચબલીકર્મ ભૂતબલી, પ્રેતબલી, નાગબલી, નારાયણબલી તથા ડાભનાં નીલોધ્ધર કાર્યક્રમ તા.૧૯ થી તા.૨૧ એમ ત્રિ-દિવસી ધાર્મિક ઉત્સવ રાખેલ છે. આ પ્રસંગે તા. ૧૯ ના રાત્રે પ્રખ્યાત કલાકાર નારણભાઈ ઠાકર, મયુરભાઈ દવે, શૈલેષભાઈ વાઘેલા સહિત તેમના શાઝીદા સાથે સંતવાણી રાખેલ છે. તા. ૨૦ નાં રાત્રીના મોટા કાલાવડની જેસાભાઈ આહિરની રાસ મંડળી રમઝટ બોલાવશે. આ પ્રસંગે તા.૨૧ મી એ લોઢવા, પાધરૂકા, સોળાજ, મોરડીયા, વાવડી, ઘંટીયા, આજોડા ગામે રહેતા આહિર સમાજ માટે સમૂહ ભોજનનું આયોજન કરેલ છે. સમ્રગ કાર્યક્રમ ભોળા સમાજની વાડી, લોઢવા મુકામે રાખેલ છે.

# વ્હોરા સમાજ દ્વારા મહાવીર જયંતિની શોભાયાત્રાનું સ્વાગત

## ડૉ. યાજ્ઞિક રોડ પર જૈન સામજના અગ્રણીઓનું ભાવભેર અભિવાદન કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૫

જૈનમએ જૈન સમાજ દ્વારા મહાવીર જયંતિના દિવસે ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો ઉપરથી પસાર થતા જૈનમ દ્વારા અઢાર આલમ-સંસ્થા સંકલન સમિતિના ઉપનેભાઇ મોદી, મનીષભાઇ મહેતા, રાજેશભાઇ મોદી, રાજેનભાલ દોશી, સુકેતુભાઇ ભોડિયા, ભરતભાઇ વખારીયા તેમજ જૈન સમાજના લોકોનું અભિવાદન કરી ભવ્ય સ્વાગત કરેલ હતું. આ પ્રસંગે દાઉદી વ્હોરા શેખ યાહયાભાઇ ગાંધી શેખ યુસુફભાઇ જોહર કાર્ડસવાળા, શાકીરભાઇ કાચવાલા, અઝીજભાઇ ભારમલ, અબ્બાસભાઇ ત્રવાડી, મુસ્તનશીર જોડીયાવાળાએ સ્વાગત કરેલ હતું. તેમ જણાવ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

### ફરી જંકફુડનો જમાનો

ભારત સરકારે પેકિંગમાં વેચાઈ રહેલા ખાદ્યપદાર્થોના ઉત્પાદનમાં કેટલાક નવા નિયમો દાખલ કરવાનું નક્કી કર્યું અને એને કારણે દેશમાં બનતા અને બજારમાં વેચાતા તમામ ડબાબંધ કે પડીકાબંધ ખાદ્ય પદાર્થો પર તેમાં રહેલા પ્રોટીન, ચરબી, સુગર, તથા અન્ય કેમિકલની માત્રા અંગે સ્પષ્ટતા જાહેર કરવી ફરજિયાત બની છે પરંતુ જંકફૂડના શોખીનો પાસે એ વાંચવાનો સમય નથી. લોકડાઉનના સમયમાં સંપૂર્ણ ઘરનિર્ભર ખોરાકનો લાભ પામીને ધન્ય થયેલા એ શોખીનો અનલોક પછી ફરી એ જ મોજ અને એ જ શોખમાં વ્યસ્ત દેખાય છે. આને કારણે ઉત્પાદક કંપનીઓ તો હવે સરકારે ઠરાવેલા ધોરણોનું કડક પાલન કરે છે અને પાલન જેઓ નહીં કરતા હોય તેવા તમામ ડબાબંધ કે પડીકાબંધ આહાર પર જેમ શાકાહારી ઉત્પાદનનો પર લીલા ટપકાનો સંકેત હોય છે તેમ પ્રોટીન વિટામિનની માત્રાના સરકારે ઠરાવેલા નિયમોનો અમલ ન થયો હોય ત્યાં લાલ ટપકું લગાવે પણ છે પરંતુ એ જુએ કોણ?


કોરોનાથી પીડિત આ જગતમાં હવે બજારમાં તૈયાર મળતા ખાદ્ય પદાર્થોસામે મોટુ આંદોલન ચાલી રહ્યું છે. તાજેતરના નવા સર્વેક્ષણ પ્રમાણે ગૃહિણી તરીકેની જવાબદારી સંભાળી રહેલી મહિલાઓએ નોકરી અને વ્યવસાયમાં ઝંપલાવ્યા પછી દુનિયાભરમાં તૈયાર ખોરાકી સામગ્રીના વેચાણમાં ધરખમ વધારો થયો છે. ઓક્સફોર્ડ યુનિવસટીના ઇન્સ્ટિટયૂટ ફોર ગ્લોબલ હેલ્થના નવા સંશોધન પ્રમાણે ડબાબંધ કે પડીકાબંધ વેચાઈ રહેલી અનેક પ્રકારની ખાદ્ય-સામગ્રી આરોગ્યને ગંભીર નુકસાન કરે છે. પેકિંગમાં મળતી સામગ્રીની ગુણવત્તાની બાબતમાં દુનિયાના વિવિધ દેશોમાં હાથ ધરવામાં આવેલા સંશોધનોમાં ભારત બહુ પાછળના ક્રમે છે. આ પ્રકારના ભારતીય ઉત્પાદનોમાં આરોગ્ય અને વસ્તુશુદ્ધિ અંગે કોઈ ઠેકાણા હોતા નથી. અને એવા ઉત્પાદનોને સરકાર કે જાગૃત પ્રજા એમ બેમાંથી કોઈની પણ રોકટોકનો પલાભદ મળતો નથી.

તૈયાર ખોરાક ખરેખર તો એ લોકો માટે છે જેઓ બહુ દૂરના સ્થળેથી અપડાઉન કરે છે. અથવા જેઓના ઘરમાં રસોઇ કરનારા કોઈ નથી પરંતુ ભારતીય પ્રજાની આજકાલની હાલત એવી છે કે ઘરના ભોજન પડતા મૂકીને તૈયાર ભોજનનું આકર્ષણ વધ્યું છે. ગૃહિણીની દર મહિનાની કરિયાણાની યાદીમાં આવા અનેક જંકફૂડનો હવે સમાવેશ થઈ ગયો છે. માતાપિતા જંપી જાય પછી બાળકોને રસોડામાંથી મોડી રાતે કંઈક ને કંઈક પેટમાં પધરાવવાની ટેવ પડી ગઈ છે. હવે બાળકોનું આરોગ્ય દેશભરમાં ગંભીર જોખમનો સામનો કરી રહ્યું છે. માતાપિતા દ્વારા જ બાળકોને આપવામાં આવતા ફેક્ટરીમાં ઉત્પાદિત થતા તૈયાર ખાદ્ય પદાર્થો બાળકોના સ્વાસ્થ્ય માટે ભવિષ્યમાં વિકરાળ પ્રશ્નાર્થ બની જાય છે. જો કે હવે આપણા દેશમાં અગાઉ હતું એવું કોઈ ભારતીય રસોડું રહ્યું નથી. કેટલાક પરિવારોમાં તો કન્યાનાં માતા-પિતા એવી ચોખવટ કરતા થઈ ગયા છે કે મારી દીકરી ક્યારેક શોખથી કંઈક રસોઈ બનાવે એ વાત જુદી છે, પરંતુ દરરોજની રસોઈ બનાવવાની જવાબદારી એની નહીં રહે. અને વરપક્ષવાળા આ શરત મંજૂર રાખીને આગળ વધી રહ્યા છે. સમાજમાં દ્રષ્ટાંતો હવે ઓછા નથી.



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ: ગઈકાલે બંધારણનાં ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મજયંતી નિમિતે વોર્ડ નં.૧ માં અનુસુચિત જાતિ મોરચા દ્વારા રૈયાધારમાં આવેલ રાણીમાં રૂડીમાં ચોકમાં બહોળી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને જમણવારનું આયોજન રાખવામાં આવ્યું હતું.આ પ્રસંગે વોર્ડ નં.૧ નાં કોર્પોરેટર હિરેન ખીમાણીયા, વોર્ડ પ્રમુખ હિતેશભાઈ મારૂ, પૂર્વ વોર્ડ પ્રમુખ જયદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલે સવારે ૯ વાગ્યેથી ભારત રત્ન ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિતે કેક કાપી ઉજવણી કરી અને રાણીમાં રૂડીમાં ચોકથી હોસ્પિટલ ચોક સુધી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનુ.જાતિ.મોરચાના હરેશ પરમાર ,મનોજ ગેડિયા ,તેમજ સમસ્ત ટીમના લોકોએ જહેમત ઉઠાવી હતી.(૪)

## જીતેન્દ્ર ચૌહાણ લો કોલેજનો ૨૧મો વાર્ષિકોત્સવ ઉજવાશે




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) મુંબઇ: શ્રી જીતેન્દ્ર ચૌહાણ કોલેજ ઓફ લો દ્વારા ૨૧મો વાર્ષિક ઉત્સવ આગામી દિવસોમાં ઉજવાશે. જેને લો ટ્રસ્ટી કહેવામાં આવે છે.આગામી તા. ૨૧ થી ૨૩મી એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન આયોજન કરાયું છે. ત્રણ દિવસ દરમિયાન, વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ યોજાશે, જેમાં મનોરંજક થી લઈને જ્ઞાનથી ભરપૂર સ્પર્ધાઓ યોજાશે. શ્રી વિલેપોલે કેળવણી મંડળ સંચાલિત જિતેન્દ્ર ચૌહાણ કોલેજ ઓફ લો એ તેના ૨૧ માં લો ટ્રીસ્ટ ૨૨ વાર્ષિકોત્સવનું આયોજન કર્યુ છે. આ ઉત્સવ ત્રણ દિવસ ઉજવાશે આ વર્ષે ટેક-૨૨ બિહાઇન્ડ ધ સ્ક્રિન્સ રખાઇ છે. જેમાં મીડીયા અને એન્ટરટેઇનમેન્ટને લગતા કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવશે. મનોરંજન ઉદ્યોગમાં પડદા પાછળના કાનુની પાસાંઓ પર પ્રકાશ પાડવામાં આવશે.(૪)

## રાત્રી વિન્ડ પેટર્ન બદલાતા હવામાં ભેજનું પ્રમાણ વધ્યું

### ઝાકળને કારણે સવારની ફ્લાઈટ તેના શિડ્યૂલ કરતા મોડી પડી

રાજકોટ: ગઇકાલે રાજકોટમાં સવારે ઝાકળ જોવા મળી હતી. હવામાન વિભાગના જણાવ્યાનુસાર સામાન્ય રીતે રાત્રિ વિન્ડ પેટર્નમાં બદલાવ આવ્યો હતો. જેને હિસાબે સવારે ભેજના પ્રમાણમાં વધારો થતો હોય છે અને આથી ઝાકળ ભર્યુ વાતાવરણ રહેતું હોય છે. જોકે આવું ક્યારેક જ બને છે. સવારે ઝાકળ હોવાને કારણે સવારની ફ્લાઈટ તેના નિયત શિડ્યૂલ કરતા મોડી પડી હતી.

સવારે ધુમ્મસ છવાઇ હતી તો બપોરે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યું હતું. રાજકોટમાં ગુરૂવારે ૪૧.૩ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. બપોરે ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન કચેરીના જણાવ્યાનુસાર સૌરાષ્ટ્રમાં રાજકોટ અને સુરેન્દ્રનગરમાં એકસરખું તાપમાન રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં પણ ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## રાજકોટ સિટીના છ હેડકોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી

રાજકોટ,તા.૧૫: રાજકોટ સીટીમાં હાલ આંતરિક બદલીનો દૌર ચાલુ છે ત્યારે કુલ છ હેડકોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે.ત્યારે થોરાડા/ભકિતનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા વિનોદભાઈ બેરડીયા,પીસીબીના રાજેન્દ્રકુમાર દહેકવાલ,બી ડિવિઝન પોલીસના રશમીનભાઈ આદ્રોજા,માલવીયા પોલીસના અશ્વિનભાઈ કાનગડ,બી ડિવિઝનના સરોજબેન ડામોર અને મહિલા પોલીસ મથકના ગૌરીબેન સીંદે ને એએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી હતી.

## સૌરાષ્ટ્રમાં પ્રથમવાર કેડાક બાઈક કંપનીની સાયકલો હવે રાજકોટમાં પણ મળશે

### થંડર સ્પોર્ટસ ઝોનનો ૧૦,૦૦૦ સ્કે. ફીટમાં ધમાકેદાર પ્રારંભ




સાયકલની અવનવી વેરાયટીઓ ઉપરાંત ઈ બાઈક, જીમ ના ઈકવીપમેન્ટ ઈલેકટ્રોનિક રકમડા ઉપરાંત સ્પોર્ટસની તમામ અવનવી આઈટમો એક જ સ્થળ પર મળી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૫

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રંગીલા રાજકોટની આગવી ઓળખ સમાન થંડર સ્પોટેસ ઝોન, ક્રેડીયાક સાયકલ, ઈલેકટ્રીક ટોયઝ અને સ્પોટેસ ઈકવીપમેન્ટના રાજકોટના સૌથી મોટા શોરૂમનું ઉદઘાટન આવતીકાલે સવારે ૮ કલાકે પરમ પૂજય ભકિત પ્રસાદ સ્વામી (ખીરસરા) અને પરમ પુજય ધર્મવત્સલ સ્વામી (એસ.જી.વી.પી.ગુરૂકુલ)ના હસ્તે, શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતીમાં કરવામાં આવશે. શહેરના હાર્દસમાં વિસ્તારમાં ૧૦,૦૦૦ સ્કે. ફુટથી પણ વધારે વિશાળ જગ્યામાં શરૂ કરવામાં આવેલા આ શો-રૂમની વિશેષતા અને વિગતો આપતા રવિભાઈ પરસાણા , કાંતિભાઈ વિરાણી, મનિષભાઈ પરસાણા તથા અશોકભાઈ પરસાણાએ જણાવેલ કે સમગ્ર સૌરાષ્ટ્રમાં ક્રેડીયાક બાઈકનો આ પ્રથમ અને ગુજરાતનો બીજો શો-રૂમ છે. થંડર સ્પોર્ટસ ઝોન અંતર્ગત ક્રેડિયાક બાઈકસ કંપનીની સાયકલની વિવિધ રેન્જ હવે રાજકોટ વાસીઓને ઘર આંગણે જ મળશે. આ ઉપરાંત ઈ બાઈક, ઈલેકટ્રીક ટોઈઝ અને જીમના વિવિધ ઈકવીપમેન્ટ પણ હવે એક જ સ્થળે ઉત્તમ કવોલીટી અને વ્યાજબી ભાવ સાથે મળશે. આજના સમયમાં લોકોની આરોગ્ય પ્રત્યેની જાગૃતી સતત વધતી જાય છે. ત્યારે ક્રેડીયાક બાઈકસ કંપનીની વિવિધ પ્રકાર ની સાયકલોની સાથો સાથ જીમની વિવિધ વસ્તુઓ જેવી કે ટ્રેડમીલ, ક્રોસ ટ્રેઈનર જેવા ઈકવીપમેન્ટની સુવિધા પણ સરળતાથી મળી રહેશે ઉપરાંત સ્પોટેસની તમામ અવનવી વેરાયટીઓ પણ એક જ સ્થળેથી મળી રહેશે. થંડર સ્પોટસે ઝોનના પ્રણેતાઓ રવીભાઈ, અશોકભાઈ, મનિષભાઈ તથા કાંતિભાઈ કાયમ કાંઈક અને સૌરાષ્ટ્રમાં પ્રથમ જ હોય તેવું કાયે કરવા માટે સતત પ્રયત્ન શીલ રહયા છે. થંડર સ્પોટેસ ઝોનના નેજા અંતગેત હવે સૌરાષ્ટ્રવાસીઓ પ્રથમવાર ક્રેડીયાક બાઈકસ સાયકલોનો ખજાનો. ઘરઆંગણે મેળવી શકશે ઉપરાંત આજના સમયની માંગ સમાન અને બાળકોમાં હોટ ફેવરીટ ઈ-બાઈક તથા વિવિધ પ્રકારના ઈલેકટ્રોનીક રમકડાની પણ અવનવી રેન્જ રાજકોટવાસી ઓ એકજ સ્થળેથી મેળવી શકશે આગામી દિવસોમાં થંડર સ્પોટેસ ઝોન બાળકોથી માંડીને સાયકલ પ્રેમીઓ તથા જીમ પ્રેમીઓ માટે આગવી ઓળખ બની રહેશે. થંડર સ્પોટેસ ઝોનનો રંગીલા રાજકોટવાસીઓ માટે વિધિવત પ્રારંભ આવતીકાલથી થશે.



## ફિલ્ડ માર્શલ બ્લડ બેન્કના સહયોગથી સેવાયજ્ઞનું આયોજન

# જૈન સોશિયલ ગ્રુપ અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા રવિવારે મહારકતદાન કેમ્પ



'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા મેહુલભાઈ શાહ, ભાવિન ઉદાણી, પિનાકીન શાહ, ઉમેશ શેઠ, કેતન મહેતા અને કલ્પેશ શાહએ કાર્યક્રમ વિશેની માહિતી આપી હતી તે તસ્વીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

આગામી રવિવાર તારીખ ૧૭ એપ્રિલના રોજ જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ રોયલ અને શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ સાથે મળીને એક મેગા રક્તદાન શિબિરનું આયોજન કરી રહ્યાં છે. ફિલ્ડમાર્શલ બ્લડ બેન્કના સહયોગથી રજપૂતપરા-૬ સ્થિત મોઢ વણિક વિદ્યાર્થી બોર્ડિંગ ખાતે આ મેગા કેમ્પનું આયોજન થવા જઈ રહ્યું છે.

બ્લડ ડોનેશન કરનાર દરેક રકતદાતાઓને અનેક સુંદર ભેટ આપવામાં આવશે જેમાં સોનમ ક્વાર્ટઝ, વરમોરા ગ્રુપ, જુલિયાના ફેશન, શ્રી અતુલભાઈ શેઠ પરિવાર, શ્રી અનિષભાઈ વાધર પરિવાર અને ભાવીકભાઈ શાહ જેવા દાતાઓનું આર્થિક યોગદાન મળ્યું છે.

રક્તદાન કેમ્પની સાથે અનેક વિવિધ સેવાલક્ષી કાર્યક્રમનું પણ સાથે અનેરૂ આયોજન કરવામાં આવી રહ્યું છે.

જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ રોયલના પ્રમુખ જીજ્ઞેશભાઈ મહેતા અને બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાયએ આ વિષે માહિતી આપતા જણાવ્યું કે, મેગા રક્તદાન કેમ્પની સાથે દંતયજ્ઞ સારવાર કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન થવા જઈ રહ્યું છે. દંતયજ્ઞમાં પ્રથમ ૨૫ જરૂરિયાતમંદ દર્દીઓ ને દાંતનું ચોકઠું નિઃશુલ્ક કરી આપવામાં આવશે. જયારે ત્યાર પછી માત્ર રૂ.૧૦૦૦ ના ટોકન ચાર્જમાં દર્દીઓને દાંતનું ચોકઠું કરી આપવામાં આવશે. આ મેગા દંતયજ્ઞમાં જાલંધર યોગ પદ્ધતિથી ઈન્જેકશન કે ટાંકા વગર દાંત પાડવાના નિષ્ણાંત ડો. જયસુખભાઈ મકવાણા સેવા આપી રહ્યા છે. ડો. સંજય કણઝરીયા હોમિયોપથી દ્વારા ઓપરેશન વગર હરસ, મસા, ભગંદર અને વાઢીયા તથા ચામડીના રોગોના નિષ્ણાત છે અને વગર ઓપરેશન સૌથી મોટા ભગંદરની સારવાર માટે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન ધરાવે છે તેઓ પણ સેવા આપશે. ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનનાં ડો. કુ. મોનિકા ભટ્ટ, ડો. સંજય અગ્રાવત અને કુ. જાગૃતિ ચૌહાણ પણ સેવારત છે.

સર્વરોગ નિદાનમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા આયુર્વેદિક અને હોમિયોપથી દ્વારા દર્દીઓને અનેક જૂના અને હઠીલા રોગોનું નિદાન કરી આપવામાં આવશે તેમજ સારવારમાં એક અઠવાડિયાની દવા નિઃશુલ્ક આપવામાં આવશે. ડાયાબિટીસ, બ્લડપ્રેશર તેમજ હિમોગ્લોબિન ટેસ્ટ પણ નિઃશુલ્ક કરી આપવામાં આવશે અને હિમોગ્લોબિનની ઊણપ જણાશે તેવા ૧૦ થી ૮૦ વર્ષના સ્ત્રી - દર્દીઓને ટેબ્લેટનું વિતરણ નિઃશુલ્ક કરાશે. કિડનીને લગતા રોગોને નિવારવા માટે ઇન્ડિયા રીનલ ફાઉંડેશન દ્વારા માહિતી પણ પૂરી પાડવામાં આવશે. પ્રથમ ૧૦૦૦ વ્યક્તિઓને પક્ષીઓ માટે માળા અને પાણીનાં કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાશે.આ વિવિધ સેવાયજ્ઞમાં ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટ, એચ.સી.જી. હોસ્પિટલ, ડિવાઇન ચેરિટેબલ ટ્રસ્ટ, સરકારી આયુર્વેદિક હોસ્પિટલ, જીવનજ્યોત એજ્યુકેશન ચેરીટેબર ટ્રસ્ટ, કુંડારિયા કેન્સર પ્રીવેન્શન ફાઉન્ડેશન, મોઢ વણિક જ્ઞાતિ જેવી સેવાભાવી સંસ્થાઓનો સહયોગ મળેલ છે.

આ મેગા આયોજનની સફળતા માટે જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ રોયલના પ્રમુખ જીજ્ઞેશ મહેતા, ફાઉંડર પ્રેસિડન્ટ અનિષ વાધર, ભૂતપૂર્વ પ્રમુખ પ્રશાંત સંઘવી, રાજેન દોશી, મેહુલ શાહ, હિમાંશુ કોઠારી, નીલેષ કોઠારી, વૈભવ સંઘવી, ઉપપ્રમુખ ભાવીન ઉદાણી, સેક્રેટરી પિનાકીન શાહ, જોઇન્ટ સેક્રેટરી ઉમેશ શેઠ, ખજાનચી પંકજ મહેતા અને કારોબારી સભ્યો પ્રકાશ કોઠારી, કેતન મહેતા, અમિત તેજાણી, ભાવિક શાહ, જીજ્ઞેશ ખંધાર, કલ્પેશ શાહ અને ઉમંગ ગોસલીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

**સર્વરોગ અને દંત સારવાર કેમ્પનું પણ આયોજન, ડાયાબિટીસ બ્લડપ્રેશર, હિમોગ્લોબિન ટેસ્ટ પણ કરી અપાશે, પ્રથમ ૧૦૦૦ વ્યકિતઓને પક્ષીઓ માટે માળા અને પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાશે**

**દરેક રકતદાનને અનેક સુંદર ભેટ-પુરસ્કાર પણ આપવામાં આવશે**

## પશ્ચિમ રેલવેમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ બહુમાન

# રાજકોટ રેલવે ડિવિઝનને ત્રણ પ્રતિષ્ઠિત શિલ્ડ અર્પણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

રાજકોટ રેલવે ડિવિઝનને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પશ્ચિમ રેલવેમાં ઉર્જા સંરક્ષણ, એકાઉન્ટ્સ અને સેફ્ટી ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ૬૭મા રેલ સપ્તાહ એવોર્ડ સમારોહમાં ત્રણ પ્રતિષ્ઠિત જનરલ મેનેજર એફિશિયન્સી શિલ્ડ એનાયત કરવામાં આવી છે. વધુ વિગતો આપતાં સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું કે ચર્ચગેટના વાયબી ચવવાન ઓડિટોરિયમમાં આયોજીત આ એવોર્ડ સમારોહમાં આ ત્રણેય શિલ્ડ પશ્ચિમ રેલવે અને મધ્ય રેલવેના જનરલ મેનેજર (જીએમ) અનિલ કુમાર લાહોટી દ્વારા રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈનને અર્પણ કરવામાં આવ્યા હતા. શિલ્ડ સાથે આજે રાજકોટ સ્ટેશન પહોંચતા ડીઆરએમ જૈન, સિનિયર ઈલેક્ટ્રીકલ ઈજનેર અર્જુન શ્રોફ, સિનિયર ડિવિઝનલ ફાયનાન્સ મેનેજર કિર્નેનદુ આર્ય, સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર. મીના વગેરે અધિકારીયોનું વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઢોલ વગાડીને જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું.



રાજકોટ ડિવિઝનને એનર્જી કન્ઝર્વેશન એફિશિયન્સી શિલ્ડ, એકાઉન્ટ્સ એફિશિયન્સી શિલ્ડ અને સેફ્ટી એફિશિયન્સી શીલ્ડ મળી હતી. પ્રથમ શિલ્ડ રાજકોટ ડિવિઝનના વિદ્યુત વિભાગ દ્વારા ૧૭૨૪૨ કિલોવોટ ઉર્જાનો વપરાશ ઘટાડીને રૂ.૧.૨૫ લાખની બચત કરવા, સૌર ઉર્જામાંથી ૨૩૯૫૧૪ કિલોવોટ વીજ ઉત્પાદન કરીને વીજ બિલમાં રૂ.૧૩.૦૯ લાખની બચત કરવા અને ઉર્જા સંરક્ષણ માટે રાષ્ટ્રીય કક્ષાએ બીજું ઈનામ મેળવવા બદલ આપવામાં આવ્યું છે. બીજું શિલ્ડ એકાઉન્ટ્સ વિભાગને બિલોની વસૂલાત કરવા માટે, રેલવેના વિવિધ વિભાગો દ્વારા મોકલવામાં આવેલા એસટીમેટ માં ઘટાડો કરીને આશરે ૭૩ કરોડની બચત કરવા માટે અને સ્ટોકશીટ્સ અને જૂના ઓડિટ કેસોના નિકાલ માટે આપવામાં આવ્યું છે. ત્રીજી શિલ્ડ ટ્રેનોના સંચાલન દરમિયાન મુસાફરોની સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખવા અને સમગ્ર વર્ષ દરમિયાન કોઈપણ પ્રકારનો અકસ્માત ન થાય તેવી સિદ્ધિ હાંસલ કરવા માટે સેફ્ટી વિભાગને આપવામાં આવી હતી.

આ ઉપરાંત રાજકોટ ડિવિઝનના વિવિધ વિભાગોના ૩ અધિકારીઓ અને ૧૨ કર્મચારીઓને વર્ષ ૨૦૨૧-૨૨માં તેમની ગુણવત્તાપૂર્ણ સેવા અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ વ્યકિતગત કક્ષાએ જીએમ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. જેમાં અધિકારીઓમાં અભિનવ જેફ (સિનિયર ડિવિઝનલ કોમર્શીયલ મેનેજર), આર.સી. મીના (સિનિયર ડિવિઝનલ ઓપરેશનલ મેનેજર) અને અમીર યાદવ (સીનિયર ડિવિઝનલ મટિરિયલ મેનેજર) તથા કર્મચારીઓમાં ધર્મેન્દ્ર લાડવા (બુકિંગ સુપરવાઈઝર-હાપા), સિદ્દીક લાખા (એમસીએફ-રાજકોટ), નીતિન વર્કે (સીનિયર સેકશન એન્જિનિયર-સુરેન્દ્રનગર), વિજય બાવળિયા (ટ્રેક જાળવણીકાર- થાન), પ્રવીણ સલ્યા (ઓફિસ) મદદનીશ, ડીઆરએમ ઓફિસ-રાજકોટ), આર.એસ. ચંદેલ (સીનિયર સેક્શન ઈજનેર, મિકેનિકલ વિભાગ, હાપા), ગરવિત રસાલ (આસિસ્ટન્ટ કેરેજ એન્ડ વેગન-હાપા), પરમાનંદ મીણા (મુખ્ય ફાર્માસિસ્ટ-રેલવે હોસ્પિટલ, રાજકોટ), નવીન કુમાર (મુખ્ય ટ્રેન નિયંત્રક-રાજકોટ), ઓમકાર કોસે (સિનિયર અનુવાદક, રાજભાષા વિભાગ, રાજકોટ), શિવમ રાવત (સબ ઈન્સ્પેકટર, આરપીએફ, રાજકોટ) અને હિતેશ રચ્છા (સીનિયર સેકશન ઇજનેર, એસઆઈજી-રાજકોટ) નો સમાવેશ થાય છે.

**ત્રણ અધિકારી અને ૧૨ કર્મચારીઓને પણ મળ્યો જીએમ એવોર્ડ**

## મુખ્યમંત્રી અને ભાજપ અધ્યક્ષ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

# આટકોટમાં અદ્યતન હોસ્પિટલનું મે મહિનામાં ઉદ્ઘાટન





**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૧૫

પટેલ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત ૨૦૦ બેડની કે.ડી. પટેલ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું આવતા મહિને જસદણ તાલુકાના આટકોટ ખાતે ઉદઘાટન થશે.

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને પટેલ સેવા સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી ડો. ભરતભાઇ બોઘરાએ હોસ્પિટલના ઉદઘાટન અંગે અગ્રણીઓની યોજાયેલી મિટિંગમાં માહિતી આપતા જણાવ્યું હતું કે આટકોટ ખાતે ૧.૮૦ લાખ સ્કવેર ફૂટના બાંધકામ સાથેની અદ્યતન હોસ્પિટલ તૈયાર થઈ ગઈ છે. અંદાજે ૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી ૨૦૦ બેડની આ હોસ્પિટલમાં ૨૪ જેટલા અલગ-અલગ સુપર સ્પેશિયાલિટી વિભાગો હશે. હોસ્પિટલમાં અલગ અલગ છ ઓપરેશન થિયેટર, સીટીસ્કેન, એક્સ-રે, સોનોગ્રાફી તેમજ ડાયાલિસિસ માટેના ૧૦ મશીન ગોઠવવામાં આવ્યા છે. જેમાં રોજના ૬૦ દરદીઓનાં ડાયાલિસિસ થઈ શકશે. સ્ત્રીરોગ વિભાગ ગાયનેક, બાળરોગ વિભાગ, ઓર્થોપેડિક વિભાગ સહિતના અનેક વિભાગો હોસ્પિટલમાં હશે આઈસીયુમાં ૪૯ બેડ તેમજ બાળ આઈસીયુમાં ૧૦ બેડની સુવિધા કરવામાં આવી છે.

વધુમાં જણાવ્યું હતું કે હોસ્પિટલ નફા માટે નહીં પરંતુ સેવા માટે કરવામાં આવી છે. જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવશે. હોસ્પિટલમાં ૩૫ કાયમી ડોક્ટર, ૧૫૫ નો પેરામેડિકલ સ્ટાફ સહિતની સુવિધા છે. હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીને ૨૪ કલાકમાં છ વખત હાઇજેનિક ફૂડ આપવામાં આવશે. જેમાં બન્ને ટાઇમ ભોજન, બંને ટાઈમ ચા-નાસ્તો જ્યુસ વગેરે આપવામાં આવશે. હોસ્પિટલનું મે મહિનાના બીજા સપ્તાહમાં ઉદઘાટન કરવામાં આવશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી. આર. પાટીલ, કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવીયા સહિતના અનેક પ્રધાનો, ઉદ્યોગપતિઓ સમાજસેવકો વગેરે ઉપસ્થિત રહેશે.

આ બેઠકમાં ઉપસ્થિત જસદણ રાજવી સત્યજીતકુમાર ખાચરે જણાવ્યું હતુ કે ભરતભાઈ બોઘરાએ જસદણ વિસ્તારને આરોગ્ય મંદિરની ભેટ આપી છે. ગજેન્દ્રભાઈ રામાણી તેમજ પાટીદાર સમાજના અગ્રણી દિનેશભાઈ બાંભણિયા સહિતનાએ તૈયાર થયેલી હોસ્પિટલની કામગીરીને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ વસાણીએ કર્યું હતું.

**નફા માટે નહીં પણ સેવા માટે પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૨૦૦ બેડની કે.ડી.પટેલ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનું નિર્માણ**

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### માત્ર ૭૫ દિમાં સાડા ત્રણ કિ.મી.ના રન-વેનું કામ પૂર્ણઃ અમદાવાદ સરદાર પટેલ એરપોર્ટે રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો

એરપોર્ટ ક્ષેત્રમાં પ્રવેશીને દેશના ૬ વિમાની મથકના સંચાલન, વ્યવસ્થાપન અને વિકાસ માટે ઉંચી બિડ કરનાર તરીકે ઉપસી આવ્યું હતું. અને અમદાવાદ, લખનૌ, મેંગલુરુ, જયપુર, ગૌહતી અને થિરુવનંતપુરમ એરપોર્ટ મળી ૬ એરપોર્ટ માટે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇંડીઆ સાથે કન્સેસન એગ્રીમેન્ટ કર્યા છે. અદાણી એરપોર્ટ હોલ્ડીંગ્સ લિ.મુંબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિ.માં ૭૩ ટકા હિસ્સો પણ ધરાવે છે જ્યારે તેની સામે નવી મુંબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિ.માં ૭૪ ટકા હિસ્સો ધરાવે છે. તેના પોર્ટફોલિઓમાં આઠ વિમાનીમથકોના વ્યવસ્થાપન અને વિકાસસાથે અદાણી એરપોર્ટ હોલ્ડીંગ્સ લિ. ભારતની સૌથી મોટી એરપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની છે જેનો ફુટફોલ ભારતના ૨૫ ટકા પ્રવાસી અને ૩૩ ટકા એર કાર્ગો ટ્રાફિક ક્ષેત્રમાં છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### હાર્દિક પટેલ માટે દરવાજા ખુલ્લા છેઃ ગોપાલ ઈટાલીયા

છે અને લોકોનાં કામ કરવા માંગે છે તે બધા માટે અમારા દરવાજા ખુલ્લા છે. 'આપ'નાં પ્રદેશ વડા ઈટાલીયાએ રાજકીય સરખામણી કરતા જણાવ્યું હતું કે, હાર્દિકની કાર્યપધ્ધતિ અને વિચારધારા આમ આદમી પાર્ટી સાથે મળતા આવે છે. તેઓ ગુજરાતનાં પાટીદાર યુવાનોમાં લોકપ્રિયતા ધરાવે છે. એ જ રીતે નરેશ પટેલ પણ એમના સામાજીક કર્યોને કારણે પાટીદાર સમાજમાં ખૂબ માન- સન્માન છે. હાર્દિક પટેલની કોંગ્રેસમાં અકળામણ જાહેર થતા જ આમ આદમી પાર્ટીએ પાસો ફેંકી દીધો છે હવે દળો હાર્દિકનાં આંગણામાં છે. આગામી દિવસોમાં હાર્દિક કઈ દિશાનું રાજકારણ પસંદ કરે છે એ જોવાનું રસપ્રદ બનશે.(૨.૧૨)

### બેંગ્લોરમાં ભરઉનાળે ચોમાસુંઃ ભયાનક વર્ષાતાંડવથી એકનું મોત

મદદ ન કરનાર અધિકારી સામે કડક પગલા લેવાની બેંગ્લોરનાં મુખ્ય મનપા અધિકારીએ ચેતવણી આપી હતી.ગુરૂવારે સતત અઢી કલાક સુધી ભયાનક વરસાદ ચાલુ રહ્યો હતો જેના કારણે તમામ માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા, ગટરો ઉભરાઈ ગઈ હતી. મહાનગરનાં એક વિસ્તારમાં વીજ થાંભલાનાં લટકતા વાયરને અડી જવાથી વસંત નામના એક વેપારીનું મૃત્યુ થયું હતું. ઠેરઠેર વીજકાપ પણ લાગુ કરવો પડ્યો હતો. મહાનગરનાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાથી જનજીવન સ્થગિત થઇ ગયું હતું.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૩ ટ્રેન હેઠળ ઝંપલાવી જિંદગીનો અંત આણ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

રાજકોટ રામાપીર ચોકડી પાસે ભારતીનગર - ૨ માં રહેતા અને વેરાવળ રેલ્વે ડીઝલ શેડમાં ઈલેકટ્રીક મીકેનીક તરીકે ફરજ બજાવતા અનિલભાઈ મનજીભાઈ મકવાણા (ઉ.વ.૫૨)એ ગત તા.૧૨ના રોજ બપોરે રાજકોટ રેલ્વે સ્ટેશનના પ્લેટફોમ નં.૩ ઉપર જબલપુર - સોમનાથ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બનાવના પગલે રેલવે પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો તેમજ પ્રધુમનનગર પોલીસને તપાસ સોંપતા પ્રથમ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી પરિવારજનોના નિવેદન લેવાયા હતા. શરૂઆતમાં આર્થિક ભીંસથી પગલું ભર્યાનું કહેવાય રહ્યું હતું જોકે, તપાસમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જીંદગી ટુંકાવી લીધાનું બહાર આવ્યું હતું.

અનીલભાઈએ આજથી ચાર - પાંચ વર્ષ પહેલા રૂપિયાની જરૂરિયાત પડતા અલગ - અલગ વ્યકિત ઉપરાંત બેંક અને ખાનગી ફાયનાન્સરો પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. તેઓ પ્રતિમાસ વ્યાજ રકમ ચુકવતા હતા. પરંતુ તેમની અને પત્નીની તબીયેત બગડવાના કારણે દોઢ વર્ષથી વ્યાજ ચુકવી શકયા ન હતા. દરમિયાન અનિલભાઈને વ્યાજખોરો રૂપિયા નહીં આપે તો મારી નાખવાની ધમકી આપતા હતા. જેનાથી કંટાળી આત્મઘાતી પગલું ભરી લીધું હતું. જે દિવસે તેઓએ આત્મહત્યા કરી હતી તે દિવસે તેના પર્સમાંથી પોલીસ કમિશનરને સંબોધીને લખેલી સ્યુસાઈડ નોટ મળી હતી.જેમાં ચારેય આરોપી જૂનાગઢના નિવૃત રેલવે કર્મચારી જોરાવરસિંહ જાડેજા, રાજકોટના મુકેશ સોંડાજી ડાભી, સ્મિતરાજસિંહ જાડેજા, ભાવેશગીરી ગોસ્વામી પાસેથી પાંચ, છ અને દસ ટકા વ્યાજે રૂપિયા લીધા હોવાનો ઉલ્લેખ કર્યો છે. આરોપીઓ ઉઘરાણી કરી ત્રાસ આપતા હોય જેથી મૃતકે આત્મહત્યા કરી લીધી હોય ચારેય વ્યાજખોરો સામે રેલવે પોલીસે મની લેન્ડ અને આપઘાતની ફરજ પાડવાની કલમ હેઠળ ગુનો દાખલ કરી અને ત્રણ શખ્સોની ધરપકડ કરી છે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.



(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ખાદ્યતેલોનાં બેકાબુ ભાવ પર નિયંત્રણ લાવવા કેન્દ્રની લાલઆંખ

બન્યા છે. રાજસ્થાનમાં પણ મોટા પ્રમાણમાં ખાદ્યતેલ અને તેલીબીયાનો જથ્થો પકડી લેવામાં આવ્યો છે અને આવશ્યક ચીજ-વસ્તુ ધારા હેઠળ કાનૂની રાહે પગલા લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં પણ તપાસણી ચાલુ છે અને જરૂર લાગે ત્યાં કેન્દ્રીય ટીમો દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવશે. સંગ્રહખોરી કરીને તેલ અને તેલીબીયાની કૃત્રિમ અછત ઉભી કરવામાં આવી રહી છે. જેના કારણે ભાવસપાટી ભડકી ઉઠી છે.(૨.૧૨)

### અમેરિકામાં ખાદી વસ્ત્રોની બોલબાલા, માંગમાં સતત વધારો

ખાદી ડેનીમથી કંપની ફેશનેબલ વસ્ત્રો તૈયાર કરીને બજારમાં મુકે છે. સક્સેનાએ જણાવ્યું હતું કે, ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખવામાં આવે છે. ઉત્પાદનમાં સાતત્ય હોય છે અને સમયસર માલ પૂરો પાડવામાં આવે છે. એટલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દ્રષ્ટિકોણ મુજબ ખાદી લોકલ ટુ ગ્લોબલ બની ગઈ છે.(૨.૧૨)

### પ્રદેશ કોંગ્રેસનાં કેટલાક હોદ્દેદારો મને પક્ષમાંથી કાઢવા માંગે છે, મેં રાહુલને વારંવાર રજૂઆત કર્યા છતાં કોઈ પગલા લીધા નથીઃ હાર્દિક

હાર્દિક પટેલનાં પ્રદેશ નેતાગીરી સામેના રોજેરોજનાં આકરા વિધાનોને પગલે હવે રાજકીય પંડિતો એવી ગણતરી માંડી રહ્યા છે કે, હાર્દિક પટેલ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા કોઈ મોટો રાજકીય નિર્ણય લઇ શકે છે અને ભારે હૈયે કોંગ્રેસને પણ રામ-રામ કરી શકે છે.(૨.૧૨)

સીતારામ ગૌશાળા અને અન્નક્ષેત્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત

# રવિવારે સર્વજ્ઞાતિ ૭મો સમૂહલગ્ન મહોત્સવ યોજાશે

## ૧૧ દીકરીઓને આકસ્મિક રૂા.૧ લાખની વીમા પોલીસી અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

શ્રી સીતારામ ગૌશાળા અને અન્નક્ષેત્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત સર્વજ્ઞાતિ ૭ મો સમૂહલગ્ન મહોત્સવ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તા.૧૭ ને રવિવારે સહકાર મેઈનરોડના છેડે સિંદોરિયા ખાણ,અવધપુરી રામજીમંદિર ખાતે કરેલ છે.જેમાં ૧૧ દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે. કરિયાવર રૂપે ૧૦૧ નાની મોટી વસ્તુઓ દીકરીઓને આપવામાં આવશે.તદુપરાંત ૧૧ દીકરીઓના ભવિષ્યના લાભાર્થે આકસ્મિક રૂ.૧ લાખની વીમા પોલીસી પણ આપવામાં આવશે.



રાજકોટઃ સીતારામ ગૌશાળા અને અન્નક્ષેત્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત રવિવારે સર્વજ્ઞાતિ ૭મો સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરાયું છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયએ પધારેલા પ.પૂ. મહંતશ્રી બાલકદાસબાપુ દેવમુરારી, કૌશિકભાઈ દેવમુરારી, પ્રભુદાસભાઈ મારૂ, કાનાભાઈ કુબાવત તસ્વીરમાં નજરે પડે છે.

થેલેસેમિયાથી પીડાતા બાળકો તથા જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી મળી રહે તેવા શુભ આશયથી રકતદાન કેમ્પનું પણ આયોજન કરેલ છે. તેમાં સહભાગી એવા કનૈયા ગ્રુપ, બેડીપરા તથા બડા બજરંગ ફાઉન્ડેશનનો સાથ-સહકાર મળનાર છે.

આ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે પ.પૂ.મહંત બાલકદાસબાપુ દેવમુરારી તથા ટ્રસ્ટના પ્રમુખ કૌશિકભાઈ પ્રવિણભાઈ દેવમુરારી, મહિલા પ્રમુખ કલ્પનાબેન રામાવત, પ્રભુદાસભાઈ મારૂ, વિપુલભાઈ દેવમુરારી, નિખિલભાઈ નિમાવત, રાજનભાઈ દેવમુરારી, વનિતાબેન દેવમુરારી, કાનાભાઈ કુબાવત, વિજયભાઈ પુનવાણી જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ કૌશિકભાઈ દેવમુરારીએ જણાવ્યું છે.

### નવદંપતિઓને આશીર્વાદ આપવા સંતો મહંતો પધારશે

મહંતશ્રી અવધેશબાપુ (શ્રી ગુણેશ્વર મહાદેવ મંદિર-શ્રીનગર)
મહંતશ્રી બાબુદાસબાપુ (શ્રી ચેતન હનુમાનજી મંદિર-ખોખળદળ)
મહંતશ્રી મનુબાપુ (શ્રી રામજી મંદિરના પુજારી-ખોખળદળ)
મહંતશ્રી સિતારામબાપુ (ગુરૂકૃપા આશ્રમ-કાગદડી)
મહંતશ્રી હરેશબાપુ (ગોપાલ ગૌશાળા-ખેરડી)
મહંતશ્રી કેશવદાસબાપુ દેવમુરારી (હનુમાનજીની જગ્યા-થાન)
મહંતશ્રી રમેશગીરીબાપુ (ગોપાલ ગૌશાળા-ખેરડી)
મહંતશ્રી બટુક મહારાજ (ગાંધીગ્રામ ગૌશાળા)

### માંગલિક અવસરો

★ જાન આગમન
તા.૧ ને રવિવાર
સવારે ૭ કલાકે
★ હસ્તે મેળાપ
તા.૧૭ ને રવિવાર
સવારે ૯:૩૦ કલાકે
★ સામૈયા
તા.૧૭ ને રવિવાર
સવારે ૭:૩૦ કલાકે
★ મહાપ્રસાદ
તા.૧૭ ને રવિવારે
બપોરે ૧૧ કલાકે

## ઈવનિંગ પોસ્ટના સિનિયર સીટીઝન માટે રવિવારે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

સરગમ કલબ સંચાલિત સિનિયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં તા.૧૭ રવિવારનાં રોજ ૫:૩૦ કલાકે ડો.અસિતભાઈ ભટ્ટ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજૂ કરવામાં આવશે.



તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈ કાર્ડ ઉપર પ્રવેશ મળશે.

આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, અસિતભાઈ ભટ્ટ જહેમત ઉઠાવી રહ્યા છે.

## રાજકોટમાં આજે ખોડિયાર માતાજીનો માંડવો

(કશ્યપ જોશી દ્વારા)

રાજકોટ, તા.૧૫

રાજકોટના મોરબી રોડ પર નવા જકાતનાકાની બાજુમાં આવેલ શ્રી ખોડિયાર માતાજીના મંદિરે આજે ૧૫મી એપ્રિલે શ્રી ખોડિયાર મિત્ર મંડળ દ્વારા માતાજીના નવરંગ માંડવાનું આયોજન કરાયું છે. રાવળદેવ ધર્મેશ રાવળ સહિતના સાથી કલાકારો ડાકની રમઝટ બોલાવશે. ધર્મપ્રેમી જનતાએ નવરંગ માંડવાનો તેમજ મહાપ્રસાદનો લાભ લેવા ઉદયભાઈ ટોળિયા વિગેરે દ્વારા અનુરોધ કરાયો છે.

## ઉપલેટામાં ટ્રેનિંગ પૂર્ણ કરીને આવેલા આર્મી જવાનનું સ્વાગત

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા, તા.૧૫

ઉપલેટા કડવા પટેલ સમાજના આગેવાન તેમજ વડચોક ગૌ સેવા સમાજના ટ્રસ્ટી અને ઉપલેટા મીઠાઇ ફરસાણ એશોસિએશનના પ્રમુખ મીઠાઇઘર વાળા પિયુષભાઇ માકડીયાના લઘુબંધુ મહેશભાઇનો એકના એક પુત્ર યશ માકડીયાએ દેશભકિતથી પ્રેરાઈને આર્મીમાં જવાનું પસંદ કરેલ હતું જેમાં તેમની આર્મીમાં પસંદગી બાદ તેમને હિમાચલ પ્રદેશમાં મિલ્ટ્રી કેમ્પમાં ટ્રેનિંગ માટે મોકલવામાં આવેલ હતો જેમાં આર્મીની ખૂબજ કઠોર ગણાતી ટ્રેનીંગ પૂર્ણ કરી ઘરે પરત આવતા



રાજકીય, સામાજીક, સેવાકીય અને ધાર્મિક આગેવાનો સાથે માકડીયા પરિવાર તેમજ નવાપરા યુવક મંડળ અને કડવા પટેલ સોશ્યલ ગ્રુપના યુવાનો ગૌ ભકતો અને સમગ્ર નવાપરા વિસ્તારના તમામ જ્ઞાતિના ભાઈઓ, બહેનો, યુવાનો વિગેરેની વિશાળ હાજરી વચ્ચે ડી.જે. ના તાલે ફટાકડા ફોડી ભારત માતા કી જય નારા લગાવી સ્વાગત કરાયું હતું. રામજી મંદિર ખાતે પૂજા અને દર્શન કર્યા હતા ત્યારે ઉપસ્થીત તમામની આંખો ભીની થઇ હતી.

## બાળકીને સાત માસનો ગર્ભ રાખી દેનાર આરોપીઓને રિમાન્ડ પર સોંપતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૫

બાળકીને સાત માસનો ગર્ભ રાખી દેનાર બંને આરોપીઓને પોલીસે જેલ હવાલે કરી કોર્ટ સમક્ષ રજૂ કરતા આરોપીઓને કોર્ટે બે દિવસના રિમાન્ડ ઉપર સોપેલ છે.

આ કેસની વધુ વિગત એવી છે કે, કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી બાળકીને સાત માસનો ગર્ભ રાખી દેનાર આરોપી વરૂણકુમાર પ્રદીપ ઠાકુર તથા અમનસિંહ રાઘવેન્દ્ર સિંહ ચંદેલ બંને રહે. બિહાર વાળાને



એડવોકેટઃ મુકેશ પીપળીયા

પોલીસે પકડી રિમાન્ડ મેળવવા માટે તા.૧૩/૪/૨૨ ના કોર્ટ સમક્ષ રજૂ કરતા સરકાર તરફે રહેલ સરકારી વકીલે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે આરોપી સામે સમાજવિરોધી ગુનો છે અને ૧૨ વર્ષની બાળકીને ઘણા સમયથી આરોપીઓ શિકાર બનાવતા હતા અને આવા આરોપીઓ પાસેથી ગુના અંગેની ઘણી બધી હકીકતો બહાર લાવવા માટે રિમાન્ડની જરૂર છે તે રજૂઆતોને ધ્યાને લઇને સેશન્સ કોર્ટે બંને આરોપીઓને બે દિવસના રિમાન્ડ ઉપર સોપેલ છે.

આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયા હતા.

## આજથી તા.૧૭મી સુધી શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીમાં ફોટોગ્રાફી પ્રદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ઇશ્વરલાલ વ્યાસ દ્વારા આજથી તા.૧૭ના રવિવાર સુધી સવારે ૯.૩૦થી બપોરે ૧ અને સાંજે ૪થીટ શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલરી રેસકોર્ષ ખાતે ઇશ્વરના હસ્તાક્ષર શિર્ષક હેઠળ પુષ્પોના ફોટોગ્રાફસનું પ્રદર્શન યોજાશે. ઇશ્વરલાલ વ્યાસ છેલ્લા ૨૫ વર્ષથી ફ્રી લેન્સ ફોટોગ્રાફી કરે છે.



આ કાર્યક્રમનું ઉદઘાટન શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી સૌરાષ્ટ્ર ભાજપ અને પુર્વ અધ્યક્ષ રાજુ ધ્રુવ, કોર્પોરેટર મનિષ રાડીયા, પૂ. ઘનશ્યામ મહારાજ, આચાર્ય ભુવનેશ્વરી શકિતપીઠ, ગોંડલ, ડો.રાજેન્દ્ર ત્રિવેદી, ન્યુરો સર્જન, વરિષ્ઠ ચિત્રકાર ભુપત લાડવા, વરિષ્ઠ શિલ્પકાર પ્રવિણસિંહ ઝાલા, સહિતના મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

## લોઢવામાં તુલજા ભવાની માતાના મંદિરે ૧૭મીએ પાટોત્સવની ઉજવણી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૫

લોઢવા મુકામે સમસ્ત વાળા(આહિર) પરિવારના કુળદેવી માતાજીના મંદિરે નવમો પાટોત્સવ ધામધૂમપૂર્વક તા.૧૭ ને રવિવારે રાખેલ છે. આ પ્રસંગે હોમહવન બ્રહ્મભોજન તથા સમસ્ત વાળા (આહિર) પરિવાર માટે મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છ. તો વાળા (આહિર) પરિવારે ખાસ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.



## નાગરિક સહકારી બેંક સાથે રૂ.૬૦ લાખની છેતરપીંડીના ગુનામાં આરોપીના જામીન મુકત કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૫

રૂ.૬૦ લાખની છેતરપીંડી અને ઊંચાપાતના ગુનામાં આરોપીઓને જેલ હવાલે કર્યા હતા જેલમાંથી જામીન પર છુટવા જામીન અરજી કરતાં કોર્ટે આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વધુ વિગત એવી છે કે ઈકબાલ ઉર્ફે ઇકો ઈસા ભાઈ બાબરીયાનું નામ નાગરિક સહકારી બેંક સાથે રૂપિયા.૬૦ લાખની છેતરપીંડી અને ઊંચાપાતના ગુન્હામાં ખુલતા માલવિયાનગર પોલીસે પકડી પાડી ગુનો દાખલ કરી જેલ હવાલે કર્યા હતા જેલમાંથી જામીન પર છુટવા જામીન અરજી કરતા અરજદાર તરફે થયેલ દલીલો તથા હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ તથા આ ગુનાની આરોપીઓના હુકમ રજુ કરેલ હતા જે તમામ દલીલો તથા જજમેન્ટને ધ્યાને લઇને કોર્ટે ઈકબાલ ઉર્ફ ઇકો ઈશાભાઈ બાબરીયાને શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કામમાં અરજદાર તરફે એડવોકેટ જીતેન્દ્રસિંહ વી. પરમાર, અમિત એન. જનાણી તથા ઈકબાલ થેયમ રોકાયેલ હતા.



એડવોકેટઃ જીતેન્દ્રસિંહ પરમાર

## સંભારણા

### બર્થો બર્થ..?

આવું શીર્ષક વાંચીને મારા વાચકો ચોક્કસ મુંઝવણમાં મુકાઈ ગયા હશે. મારી કામવાળી એ જ્યારે આ શબ્દ ઉચ્ચાર્યો ત્યારે હું પણ મૂંઝાઈ ગઈ હતી. ગયા વર્ષે કોરોનામા તે મારા દરવાજે આવીને ઊભી અને મને કહે તમને 'વર્કિંગ લેડી' ની જરૂર છે એવી ખબર પડી તેથી આવી છું. 'વર્કિંગ લેડી?' એટલે કે કામવાળી જોઈએ છે એમ!. 'સારું સારું, તુ કયા કયા કામ કરી શકે છે?' 'કલીનીંગ, કુકિંગ, બેબી કેરીંગ..' ફરી મારા મોઢા પર પ્રશ્ન ચિન્હ! 'એટલે કે ઝાડુ પોતા, રસોઈ, બાળકનું ધ્યાન રાખવું વગેરે'. હવે મને તેનુ હિંગ્લીશ થોડું થોડું સમજાવા માંડ્યુ હતું.

'ક્યાં રહે છે તું?' 'ઇન્દ્રાનગર..' 'અચ્છા ઈન્દ્રનગર માં?' 'ના હવે, પેલી ઈન્દ્રાગાંધી હતી ને પ્રેમ મિનિસ્ટર, તેના પરથી નામ છે'. 'સારું, સમજી ગઈ. તું કેટલું ભણી છે?' આમ તો તેના શિક્ષણ સાથે ઘરકામને કંઈ લેવા દેવા ન હતા પણ તેનું હિંગ્લિશ સાંભળવાની મજા આવી રહી હતી. તેણે કહ્યું **MN** એટલે **TF.** ફરી મારા મોઢા પર પ્રશ્ન ચિન્હ! તેણે સમાનાર્થી શબ્દ આપ્યો છતાં મને કાંઈ સમજાયું નહીં. યુનિવર્સિટીએ નવો અભ્યાસક્રમ શરૂ કર્યો અને તે મારા જાણ બહાર રહી ગયો હશે એવો વિચાર આવ્યો. એટલે પાક્કુ શું શીખી છે? અરે હું મેટ્રિક નાપાસ એટલે કે ટેન ફેલ! મે કપાળ પર હાથ મુક્યો. તારું નામ શું છે? પમની ગોડથ એટલે કે લક્ષ્મી.



લેખિકાઃ પુનમ શાહ –મુંબઈ.

તેનો પગાર અને કામ નક્કી કર્યા. બે દિવસ પછી કામે આવતા વેંત જ મને કહે 'વાવ મેડમ, કંઈ પડીશેઝ' બનાવી છે આજે? બહુ સરસ 'સ્માઇલ' આવી રહી છે. મેં તેની સામે તે વાનગી મૂકી દીધી. 'આજે પહેલા જ દિવસે તને મોડું કેમ થયું?' 'હું રોજ મારા એરિયામાં પવન હવર' પબ્યુટી પાર્લામેન્ટથ ચલાવું છું. આજે ઘણા વધારે જ 'કેસિસ્થ આવ્યા એટલે લેટ થઈ ગયું'. 'શું શું કરી આપે છે તું તારા કેસીસને?' હું ક્યારે એના જેવું હિંગ્લીશ બોલવા લાગી તેની ખબરેય ન પડી. 'ઓલ! મેપક, આઇબ્રો, ફયેશલ, હેર સ્ટેલ!'

થોડા દિવસ પછી કહે, હું ચાર દિવસની લીવ લેવાની છું. મેં પૂછ્યું કેમ? તો કહે ગઈકાલે મારા સાસુનું હોસ્પિટલમાં એડમિશન થયું એટલે!

એક દિવસ તેને રજા જોઈતી હતી. પૂછ્યું કેમ? તો કહે કાલે એક બ્રેડનો મેપક કરવાનો છે. 'બ્રેડ! એટલે? હવે તને બ્રેડ પર બટર લગાડવા માટે પણ રજા જોઈએ?' તો કહે, 'ના હવે, દુલ્હનનો મેપક!' 'હું વિચારતી હતી કે આવતીકાલે તને મારી સાથે **Big Bazar** લઈ જાઉ!'. 'હા મેડમ, પણ મારા એટ્રેનમેન્ટ (એન્ટરટેનમેન્ટ) માટે થઈને હાથ નીચેની છોકરી પર બ્યુટી પાર્લામેન્ટ છોડવાની રિક્સ ન લઈ શકું!'

જે હોય તે લક્ષ્મીને કામે રાખવાની રિકસ લઈને મે મારી એન્ટરટેઇનમેન્ટ ફિક્સ કરી લીધી હતી.

તેની તેના વર માટે ફરિયાદ નહોતી પણ વિરોધનો સૂર રહેતો. તેને કલોજઅપ ટૂથપેસ્ટ ફાવતી તો આને વ્હીક્કો! આને પોટેટો ભાજી ભાવતી તો પેલાને રીંગણા! તેને નાની દુકાનમાંથી સામાન લેવો ગમતો હતો. તો આને **Big Bazar** જેવી જગ્યાઓ ગમતી. આજે મને કહે, 'કાલે હું લિવ લઈશ'. કેમ? તો કહે, 'આવતીકાલે વડના ટ્રીની પૂજા કરવાની છે. તેના માટે હાર્સ લાવવાના છે'. હાર્સ? 'પૂજા માટે ફૂલના હાર્સ!'. 'પણ તું તો હંમેશાં તેની ફરિયાદ કરતી હોય છે'. 'તો શું થયું? વર એટલે પત્નીની ચાદર, એ ચાદર નીચે પત્નીની ઈજ્જત સુરક્ષિત હોય છે. આવતીકાલની પૂજામાં હું આજ પતિને બર્થો બર્થ (જનમોજનમ) માંગી લઈશ'.




મારી બૌદ્ધિકતાને બુઠ્ઠી કરીને મારી પાસેથી હાર્સ માટે ફિફ્ટી રૂપીજ લઈને આ મની ગોડ બર્થો બર્થ આજ વર માંગવા માટે લિવ લઈને ગઈ. અને મે મનોમન તેને હેન્ડસ જોડ્યા..

## એક કરોડ ૪૦ લાખ ૪૪ હજારના ચેકરિટર્ન કેસમાં નીચેની કોર્ટ દ્વારા થયેલ સજાનો હુકમ યથાવત રાખતી સેશન્સ કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટના નામાંકીત ફાઈનાન્સર કમ બિઝનેસમેન મહેશ શીવાભાઈ ટીલારાને રકમ રૂા.૧,૪૦,૪૪,૦૦૦ ના ચેક રિટર્ન કેસમાં નીચેની અદાલતે એક વર્ષની સજા તથા રકમ રૂા.૧,૪૦, ૪૪,૦૦૦ ફરિયાદીને વળતર પેટે એક માસમાં ચુકવી આપવા અને તે વળતર ન ચુકવ્યે વધુ છ માસની સજા ફરમાવતો ચુકાદો આપેલ તે આરોપીએ સેશન્સ અદાલતમાં અપીલના માધ્યમથી પડકારેલ જે અપીલ ચાલી જતા રાજકોટના મહે. એડી. સેશન્સ જજ પી.એન. દવેએ નીચેની અદાલતનો ચુકાદો કાયમ કરી આરોપી મહેશ ટીલારાની અપીલ નામંજુર કરતો ચુકાદો ફરમાવેલ છે.

આ કેસની હકીકત જોઈએ તો, અટીકા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ઢેબર રોડ સાઉથમાં રાજકોટ મુકામે શીવમ મશીન ટુલ્સના નામે ધંધો કરતા અને મવડીમાં પટેલ બોર્ડીંગ બાજુમાં સરદારનગર, શેરી નં.-૭ ની પાસે આવેલ પરમ મકાનમાં રહેતા આરોપી મહેશ શીવાભાઈ ટીલાળાએ મવડી પ્લોટમાં માયાણીનગરમાં રહેતા ફરિયાદી જગદીશભાઈ લીંબાસીયા પાસેથી રકમ રૂા.૧,૪૦,૪૪,૦૦૦ સને-૨૦૧૬ ના અરસામાં મેળવી તે સબંધે પહોંચ લખી આપી



એડવોકેટઃ સુરેશ ફળદુ

આરોપીએ ફરિયાદીને જણાવેલ કે આરોપીને શીવમ મશીન ટુલ્સ, સદગુરૂ મશીન ટુલ્સ, કુવાડવા મુકામે શીંગદાણાની ફેકટરી, ફાઈનાન્સ વિગેરે બહોળો ધંધો ફેલાયેલ હોય તેમા નાણાની જરૂરત હોય જેથી આરોપીને નાણા આપે તો નફામાંથી યોગ્ય વળતર આપવા વચન, વિશ્વાસ અને ખાત્રી આપી સૌરાષ્ટ્રમાંથી અનેક લોકો પાસેથી કરોડોની રકમ એકત્રીત કરી લઈ લોકોનું કાયદેસરનું લેણુ પરત અદા કરવા આપેલ ચેકો પણ કલીયર થાય તે પહેલા સ્ટોપ પેમેન્ટ કરાવી લઈ પ્રથમથી જ નાણા ઓળવી જવાનો ઈરાદો રાખી ફરિયાદીનું લેણુ અદા ન કરતા ફરિયાદીએ રાજકોટની અદાલતમાં દસ્તાવેજી પુરાવા સાથે આરોપી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરેલ જે કેસ ચાલી જતા નીચેની અદાલતે ઉપરોકત વિગતે સજા ફરમાવેલ હતી. જેની સામે અપીલ કરી હતી. નીચેની અદાલતે આરોપી મહેશ ટીલારાને એક વર્ષની સજા તથા રકમ રૂા.૧,૪૦,૪૪,૦૦૦ એક માસમાં ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવા અને તેમા કસુર કરે તો વધુ છ માસની સજા ફરમાવતો હુકમ કાયમ રાખી આરોપીની અપીલ નામંજુર કરતો સીમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવેલ છે.

ઉપરોકત કામમાં ફરીયાદી જગદીશભાઈ લીંબાસીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, બિમલ જાની, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા રોકાયેલ હતા.

# જૂની મેંગણીમાં કાલથી શ્રી ઠાકોર મંદિરનો જીર્ણોધ્ધાર પ્રતિષ્ઠા મહોત્સવ

**નૂતનનિજ મંદિરમાં શ્રી રામ દરબાર, શ્રી રાધા કૃષ્ણ, શ્રી ઠાકોરજી, શ્રી હનુમાનજી, શ્રી ગુરૂજી વગેરેનું વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્થાપન કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

કાલે તા. ૧૬ ને ચૈત્ર સુદ પૂનમને શનિવારના રોજ સમસ્ત જૂની મેંગણી ગામમાં શ્રી ઠાકોર મંદિરનું નવનિર્માણ જીર્ણોધ્ધાર પ્રતિષ્ઠા મહત્સવમાં શ્રી રામ દરબાર તથા શ્રી રાધાકૃષ્ણ દેવ તથા શ્રી ઠાકોરજી, શ્રી હનુમાનજી, શ્રી ગરૂડજી વગેરે દેવોના સ્વરૂપ નૂતનનિજ જીવનમાં ૨૦૭૮ ચૈત્ર સુદ પૂનમ (હનુમાન જયંતિ) શનિવારથી ચૈત્ર વદ- ૧ રવિવાર તા. ૧૭સુધી પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરેલ છે. જેમાં સર્વ ધર્મપ્રેમી સમસ્ત ગ્રામજનો આ દિવ્ય મહોત્સવમાં શ્રી ઠાકોરજીનાં ચરણોમાં કૃપા પ્રસાદ લેવા ભાવભર્યુ નિમંત્રણ છે.

રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકામાં આવેલ જૂની મેંગણીમાં તા. ૧૬-૧ અને તા.૧૭-૪ને ચૈત્ર સુદ પૂનમના દિવસે રામજી મંદિરના ૨૧૬ વર્ષ બાદ થયેલ પ્રથમ જીર્ણોધ્ધાર પછી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું


'સૌરાષ્ટ્ર ક્રાંતી'કાર્યાલયની મુલાકાતે પધારેલ ગામના આગેવાનો ભૂપતભાઈ ચાડિયા (સરપંચ), ભીખુભાઈ પાનસુરિયા, અશોકભાઈ ભાલોડી, ગીધુભા સીદપરા, કાનજીભાઈ શરમાળી, હનીફભાઈ જોબણ, હરેશભાઈ પાનસુરીયા, દિનેશભાઈ ચોવટીયા, સંજયભાઈ ભૂત, ભરતભાઈપરસાણા અને પ્રશાંતભાઇ પંડ્યા તસવીરમાં નજરે પડે છે.

આયોજન સમસ્ત ગામ દ્વારા કરવામાં આવ્યું છે. ૨૦૦ વર્ષ પહેલા રજવાડા શાસન દરમિયાન મુંગલશેર - પાટણ ત્યારબાદ મેરગઢ અને હાલમાં જૂની મેંગણીના નામે ઓળખાતા આ ગામમાં તે સમયે રહેલા બા સાહેબના હસ્તે રામજીમંદિરની સ્થાપના થયેલી હતી. સદેવત સાવરીંગાનો ઈતિહાસ પણ આ ગામ સાથે સંકળાયેલ છે. મંદિરના પૂજારી તરીકે માધવદાસ બાપુ ત્યારબાદ સુખરામદાસ બાપુ અને હાલ છેલ્લા 30 વર્ષથી હેમભાઈ દૂધરેજીયા પ્રભુની સેવા કરી રહ્યા છે. આ ગામમાં દર વર્ષે રામનવમી અને જન્માષ્ટમીના તહેવાર સમસ્ત ગામ સાથે મળીને ઉત્સાહભેર ઉજવણી કરે છે. આ ગામમાં હિન્દુ-મુસ્લિમની એકતા એક પ્રતિક સમાન છે. કોઈ પણ તહેવાર દરેક જ્ઞાતિ અને ધર્મના લોકો એક સાથે મળીને ઉજવે છે. રામજી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં હિન્દુ-મુસ્લિમ એક સાથે મળીને ઉત્સાહભેર સમસ્ત ગામ આ ભગવત કાર્યમાં જોડાયેલ છે. તેમ જણાવ્યું છે.

# અમેરિકામાં પ્રા.વિભાવરી જાનીને એવોર્ડ

**મેકએલ્વી ફેકલ્ટી ટીચિંગ એવોર્ડ મેળવીને રાજકોટ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં સિસ્ટર નિવેદિતા સ્કૂલમાં અભ્યાસ કરી અમદાવાદની CEPT યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ટની ડિગ્રી પ્રાપ્ત કરી અમેરિકાની વેઈન યુનિવર્સિટી, ડેટ્રોઈટમાંથી માસ્ટર્સ ડિગ્રી પ્રાપ્ત કરી ત્યાંની અનેકવિધ યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપિકા તરીકે કાર્ય કરી, હાલમાં ત્યાંની કેન્સાસ સ્ટેટ યુનિવર્સિટીમાં કોલેજ ઓફ આર્કિટેક્ચર, પ્લાનિંગ એન્ડ ડિઝાઇન, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયર આર્કિટેક્ચર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનમાં પ્રાધ્યાપિકા તરીકે કાર્ય કરતા કુ. વિભાવરી જાનીને તાજેતરમાં ઈ.સ. ૨૦૨૨ McElwee Faculty Teaching Award પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડ સાથે ૧,૦૦૦ ડોલર પણ આપવામાં આવેલ છે.

આ એવોર્ડ માટે એમના અનેક ભૂતપૂર્વ અને હાલના વિદ્યાર્થીઓએ તેમ જ અન્ય પ્રાધ્યાપકોએ ભલામણ કરી હતી.

આ એવોર્ડ પ્રાપ્ત કરીને પ્રો. વિભાવરી જાનીએ ગુજરાત અને રાજકોટનું ગૌરવ વધારેલ છે. તેઓ જાણીતાં શિક્ષણવિદ્ ઉષાબહેન જાની અને ગુલાબભાઈ જાનીનાં સુપુત્રી છે.(૫.૧૨)

**ગાંધીવાદી અને યુવાનોના પ્રેરણામૂર્તિ નેશનલ યુથ પ્રોજેક્ટ દ્વારા તા.૯/૫/૨૦૨૨ ના રોજ નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન**

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના આંગણે વાગે રૂડા ઢોલઃ ચિ.ઋષભ, ચિ. અદિતિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

અંજલીબેન અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના સુપુત્ર ચિ.ઋષભના શુભલગ્ન શ્રીમતી પરિતાબેન અને બિમલેશભાઇ માંડવિયાની સુપુત્રી ચિ. અદિતિ સાથે નિર્ધારિલ છે. શુભ લગ્નોત્સવ નિમિતે આજે સાંજે ૬ વાગ્યે નિરાલી રીસોર્ટ, પામ સ્પ્રીંગ પાર્ટી પ્લોટ, કાલાવડ રોડ, વી.વી.પી. ઇજનેરી કોલેજ સામે ડાયરો અને ગરબા રાખેલ છે. તા. ૧૬ શનિવારે સવારે પેટ્રીયા સ્યુટસ એરપોર્ટ રોડ ખાતે માંગલિક પ્રસંગો ઉજવાશે. તા. ૧૬ શનિવારે સાંજે ૭ વાગ્યે નિરાલી રીસોર્ટ ખાતે સૂરમયી સાંજ ખીલશે. તા. ૧૭ રવિવારે સાંજે ૭ વાગ્યે હોટલ સીઝન્સ, અવધ રોડ ખાતે શુભલગ્ન યોજાયેલ છે. લગ્નોત્સવ નિમિતે આમંત્રિતોને આવકારવા રૂપાણી પરિવાર અને માંડવિયા પરિવાર દ્વારા ઉત્સાહભેર તડામાર તૈયારી થઇ રહી છે.

# ઈવનિંગ પોસ્ટનાં વડિલોએ સંગીત સંધ્યા માણી

**સ્વ. રાજેન્દ્રસિંહ મનુભા જાડેજાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભાવસભર કાર્યક્રમ**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

સરગમ કલબ સંચાલિત સિનિયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટના નિષ્ઠાવાન કાર્યકર્તા અને સંચાલક સ્વ.રાજેન્દ્રસિંહ જાડેજાનું એક વર્ષ પહેલા દુઃખદ અવસાન થતા તેની સ્મૃતિમાં બિમલ શાહ પ્રસ્તુત મોરપિચ્છ વૃંદ સ્વરકાર દ્વારા એક ભકિત સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમાં કલાકારો તરીકે બિમલ શાહ, નીલેશ વસાવડા, અનુબેન ઠાકર, ભારતીબેન નિમાવત જેવા કલાકારો જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો રજુ કરવામાં આવેલ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, જયપાલસિંહ ઝાલા, ભાવનાબેન મહેતા, અરવિંદભાઈ વોરા જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમ નિહાળવા માટે તેમના પરિવારના સભ્યો મધુરિકાબા આર. જાડેજા તેમજ જયરાજસિંહ આર. જાડેજા એ હાજરી આપેલ છે.

# ભૂરખીયા હનુમાજીનાં મંદિરે પદયાત્રિ માટે સેવા કેમ્પ

**જસદણનાં દોશી અને રાજકોટનાં કલ્યાણી પરિવાર દ્વારા ભોજન-પ્રસાદની વ્યવસ્થા**



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા. ૧૫

અમરેલી જિલ્લામાં પ્રસિદ્ધ ભુરખીયા હનુમાનજીના મંદિરે હજારો લોકો હનુમાન જયંતિ પૂર્વે પદયાત્રા કરીને દર્શને જતા હોય છે. આ પદયાત્રીઓને પ્રસાદ લેવા માટે સેવાભાવી પરિવાર દ્વારા સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જસદણના મધુભાઈ દોશી, સાગરભાઇ દોશી, સંનીભાઈ દોશી તથા રાજકોટના કિશોરભાઈ કલ્યાણી તથા મિતેશભાઇ કલ્યાણી પરિવાર દ્વારા ભુરખીયા મંદિરથી ૮ કિલોમીટર દૂર લાઠી રોડ ઉપર સેક્રોન સ્કૂલ પાસે આ વિસ્તારમાંથી પસાર થઈ ભૂરખીયા હનુમાનજી મંદિરે ચાલીને જતા હજારો પદયાત્રીઓ માટે વિનામૂલ્યે બટેટાની ચિપ્સ, બરફ ગોલાની ડીશ, ભેળ વગેરેનો પ્રસાદ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ કેમ્પ સ્થળે અધ્યતન લાઇટ ડેકોરેશન અને છ ફૂટ બેઠેલા હનુમાનદાદાનો આકર્ષક ફ્લોટ પણ ગોઠવવામાં આવ્યો છે. આ વિસ્તારમાંથી પસાર થતા તમામ પદયાત્રિકો તેમજ વાહન લઇને જતા તમામ લોકોને આ કેમ સ્થળે પ્રસાદ લેવા માટે ઉપસ્થિત રહેવા આયોજક દોશી પરિવાર તથા કલ્યાણી પરિવારે અનુરોધ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દોશી પરિવાર દ્વારા છેલ્લા છ વર્ષોથી દર વર્ષે હનુમાન જયંતિ નિમિત્તે ભુરખીયા પદયાત્રાએ જતા પદયાત્રીઓ માટે આ પ્રકારે અવનવી વસ્તુઓ પ્રસાદ લેવાનો કેમ રાખવામાં આવે છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# બ્રહ્મક્ષત્રિય સંપર્ક સમાજ દ્વારા રવિવારે 30 માં સમૂહ લગ્નનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

બ્રહ્મક્ષત્રિય સંપર્ક સમાજ દ્વારા દર વર્ષે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા ૨૯ વર્ષથી સતત અવિરત સેવા આપી જ્ઞાતિજનોને લગ્નમાં થતા ખોટા ખર્ચથી બચાવે છે. સમૂહ લગ્નનું આયોજન આગામી તા.૧૭ને રવિવારે પવિત્ર ભૂમિ ત્રિકોણ બાગ, લીમડા ચોક ખાતે કરાયું છે.

સમૂહ લગ્નમાં આ વર્ષે ૧૦ નવદંપતી પ્રભુતામાં પગલા પાડશે.

આ સમૂહ લગ્નને સફળ બનાવવા પ્રમુખ નિકુંજભાઇ જાડા, વિનોદભાઈ મેર, મયુરભાઈ જાડા,પ્રફુલભાઇ મર્થક, જીતેન્દ્રભાઇ બોસમીયા, વિનુભાઈ બોસમીયા, કાંતિભાઇ છાંટબાર, અરવિંદભાઈ પડીયા, દિલીપભાઇ મણીયાર ધવલ ભાઈ મેર, ભરતભાઈ છાંટબાર, જયંતીભાઈ જાજલ, યોગેશભાઈ જોગી, ગભાઈ જાજલ, રાજભાઇ જાડા, વિક્રમભાઇ મણીયાર, નરેશભાઇ પડીયા, ભારતીબેન શનિશ્વરા, રાજુભાઇ ગરાચ, હસુભાઇ પડિયા, સુરેશભાઈ મામતોરા, યોગેશભાઈ જાજલ, ભુપેન્દ્રભાઇ મામતોરા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. સમુહ લગ્નમાં જે કોઇ વ્યકિત ભેટ-સોગાદ આપવા માંગતા હોય તેઓએ બ્રહ્મમ ક્ષત્રિય સંપર્ક સમાજ બોધાણી શેરી, બોધાણીનો ડેલો, સોની બજમર ખાતે સંપર્ક કરવો. વધુ માહિતી માટે નિકુંજભાઇ જાડા મો.૯૭૨૪૩ ૯૩૯૯૫, વિનોદભાઇ મેર મો.૯૩૭૪૨ ૩૭૮૩૦ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

**સમૂહ લગ્નમાં ૧૦ નવદંપતી પ્રભુતામાં પગલા પાડશે**

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા ચંપલનું વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ યુવા સેના ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્લીપર અને ચંપલનું વિતરણ કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા ઉનાળાના ધોમધખતા તાપમાં ઉઘાડા પગે ફરતા જરૂરીયાતમંદ લોકોના પગ ઠારાનું અનેરુ અભિયાા દર ઉનાળામાં ચાલુ કરે છે અને હજુ પણ બે મહિના અવિરતપણે ચલાવવામાં આવશે.(૧૧)

# સોમવારથી ધો. ૧ થી ૮, મંગળવારથી ધો. ૯ અને ૧૧ની પરીક્ષાનો પ્રારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા. ૧૫

આગામી તા. ૧૮ને સોમવારથી પ્રાથમિક વિભાગની ધો. ૧ થી ૮ની અને તા. ૧૯ને મંગળવારથી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિભાગની ધો. ૯ થી ૧૧ના પરીક્ષાનો પ્રારંભ થનાર છે.

શહેર-જિલ્લાની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય અને આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઇપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે માધ્યમિક વિભાગની ધો. ૯ અને ૧૧ની પરીક્ષા પ્રાથમિક વિભાગની પરીક્ષાની સાથે જ ધો.૧૮થી શરૂ થનાર હતી પરંતુ તા.૧૮નાં ગુજકેટની પરીક્ષા લેવાનાર હોય ધો. ૯ અને ૧૧ની પરીક્ષા તા. ૧૯થી લેવાનો નિર્ણય લેવાયો છે.

સરકારી અનુદાનિત અને ખાનગી શાળાઓની ધો. ૧ થી ૮ અને ૯ થી ૧૧ની પરીક્ષા ૧૦ દિવસ સુધી ચાલનાર છે. જિલ્લામાં ધો. ૧ થી ૮નાં ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં



બેસનાર છે. આ પરીક્ષા બાદ શિક્ષણ બોર્ડના કેલેન્ડર મુજબ તા. ૯ મેથી શાળાઓમાં ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન નક્કી કરવામાં આવ્યું છે.

# શનિવારે ચિત્રાનશ્રમમાં હનુમાન જયંતિ ઉત્તમ ગણાય

ચૈત્ર શુદ પૂનમને શનિવાર તા.૧૬ ના દિવસે હનુમાન જયંતિ છે. આ દિવસે સવારે ૮:૪૦ થી ચિત્રા નશ્રમ છે. આથી ચિત્રા નશ્રમમાં હનુમાન જયંતિ ઉત્તમ ગણવામાં આવે છે.

એક માન્યતા પ્રમાણે હનુમાનજીનો જન્મ પણ ચિત્રા નશ્રમમાં થયેલ આથી આ વર્ષે પણ ચિત્રા નશ્રત્ર અને શનિવાર છે. આથી હનુમાન જયંતિ વધારે ઉત્તમ ગણાશે.

હનુમાનજી દાદા સપ્ત ચિરંજીવી છે. આથી પૃથ્વી ઉપર હંમેશા હાજર રહ્યા છે. ખાસ કરીને રામકથા જ્યાં ચાલતી હોય ત્યાં હનુમાનજી હાજરી આપે છે.

નાસે રોગ હરે સબ પિડાઃ હનુમાનજીની ઉપાસનાથી જીવનની બધી જ બીમારી દુર થાય છે.

હનુમાનજીની પૂજા-ઉપાસનાથી જીવનની બધી જ પીડાઓ દૂર થાય છે. શનિની નાની-મોટી પનોતીની પીડા પણ દૂર થાય છે. રાહુ પીડા પણ દૂર થાય છે.

હનુમાનજીની પૂજાઃ

હનુમાન જયંતિના દિવસે ભાઇઓએ બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી ઘઉંની ઢગલી કરી મેના ઉપર હનુમાનજીની છબી રાખવી સરસવના તેલનો દીવો કરવો. ગણપતિ દાદા, શ્રી રામચંદ્ર ભગવાનનું નામ લઇ અને હનુમાનજીને ચંદનનો ચાંદલો કરવો ત્યારબાદ ૧૧,૨૧ કે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ અથવા તો સુંદરકાંડનો પાઠ કરવો.


હનુમાન ચાલીસા અથવા સુંદરકાંડના પાઠ બહેનો પણ કરી શકે છે. હનુમાન જયંતિના દિવસે હનુમાનજીને સુખડીનું નૈવેદ્ય ધરાવું ઉત્તમ છે. હનુમાનને ૨૧ અળડના દાણા ચડાવા, તેલ ચડાવું પણ ઉત્તમ અને પીડા નાશક છે.

કોરોનાના કારણે છેલ્લા પાછલા બે વર્ષથી હનુમાન જયંતિ ધામધુમથી નથી ઉજવણી પરંતુ આ વર્ષે હજુ કોરોના ઓછો હોવાથી હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાશે.


**શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**

# કાલે હનુમાનજી જયંતિ

શ્રી અખંડ બ્રહ્મચારી શ્રી હનુમાનજીની પૂજા કરાય છે. સિંદુર અને આંકડાની માળા પહેરાવાય છે. શ્રી રામે રાવણનો વધ કરેલો ત્યારે તેના દોષનું પ્રાવ્યચિત કરવા શ્રી રામે સીતાજીની સાથે જયોતિલીંગ સ્થાપના કરવા આયોજન કરેલું. સમય ઘણો જ ઓછો હતો પણ આ કાર્ય ઝડપથી કરવું પડે તેમ હતું. શ્રી રામે પવનપુત્ર હનુમાનજી મહારાજને કૈલાસમાંથી ઉત્તમ શિવલીંગ લેવાની આજ્ઞા આપી. હનુમાનજી શિવલીંગ લેવા ગયા પરંતુ તેમને વાર લાગી મુહૂર્ત જતું હતું. તેથી બ્રાહ્મણો સીતામાતા પાસે ગયા. સીતામાતા પાસે 'વાંલુકાનું' શિવલીંગ તૈયાર કરાવી અને તેની પ્રાણ પ્રતિષ્ઠા કરી દીધી. જે 'રામેશ્વર'તરીકે જાણીનું છે. થોડીવારમાં હનુમાનજી મહારાજ શિવલીંગ લઇને આવ્યા ત્યારે રામ બોલ્યા કે શ્રી હનુમાનજીનો પરિશ્રમ એળે ન જાય અને તે 'શિવ'લીંગની સ્થાપના કરી અને તેનું નામ 'શ્રી હનુમંતેશ્વર'મહાદેવ રાખવામાં આવ્યું. શ્રી રામે એવી રચના કરી છે કે, પહેલા 'શ્રી હનુમંતશ્વર'મહાદેવના દર્શન થાય પછી શ્રી 'રામેશ્વર'મહાદેવના દર્શન થાય. શ્રી રામે હનુમાનજીની ભક્તિ અને પરિશ્રમની રામે કદર કરી. હનુમાનજીની શ્રી રામની સુચના વગર શકિતનો ઉપયોગ કરતા નથી.


**આલેખન**
**શાસ્ત્રી બટુક મહારાજ**
**(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)**






### ઈન્દ્રનીલ રાજયગુરૂ, વશરામ સાગઠીયા અને કોમલબેન ભારાઈનું સ્વાગત કરતા 'આપ'ના આગેવાનો

# કોંગ્રેસ નિષ્ક્રિય છે, લોક સેવા માટે સહુ 'આપ'માં જોડાય: ઈન્દ્રનીલ

### રાજકોટની જનતાને દિલ્હી જેવી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ અને બાળકોને ઉત્તમ શિક્ષણ અપાવવાનાં તથા ભ્રષ્ટાચારથી મુકિત અપાવવાના વચન આપતા 'આપ' નેતાઓ









**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

રાજકોટના પૂર્વ ધારાસભ્ય અને કદાવર લોકનેતા ગણાતા ઈન્દ્રનીલ રાજયગુરૂ રાજકોટ મનપાના બે કોંગ્રેસી કોર્પોરેટર સાથે આજે રાજકોટ આવી પહોંચતા આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્દ્રનીલ અને બન્ને કોર્પોરેટર ગઈકાલે અમદાવાદ ખાતે ખાસ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખ્યો હતો.

રાજકોટ ખાતે પત્રકાર પરિષદમાં બોલતા ઈન્દ્રનીલ રાજયગુરૂએ લોકોની સેવા કરવા માંગતા સહુને 'આપ'માં જોડાઇ જવાનો અનુરોધ કર્યો હતો. એ માટે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરતા ઈન્દ્રનીલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-ગુજરાતની પ્રજા ભાજપથી છે અને કોંગ્રેસ કોઇ દમ બતાવતી નથી.

ઈન્દ્રનીલે દાવો કર્યો હતો કે, આમ આદમી પાર્ટીની નિયતમાં કોઇ ખોટ નથી. એવું દિલ્હી અને બાદમાં પંજાબમાં વિજય બાદ પૂરવાર કર્યુ છે. એટલે ૨૦૨૨માં ગુજરાતમાં પણ 'આપ'નું સત્તાપર આગમન નિશ્ચિત છે. કોંગ્રેસને તેની નીષ્ક્રિયતા નડી રહી છે. તો બીજી તરફ 'આપ'નો કાર્યકર હંમેશા સક્રિય, નિષ્ઠાશીલ અને થનગનાટથી ભરપુર હોય છે. ઈન્દ્રનીલે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, ભાજપનો કાર્યકર લોકોના કામ કરાવવાને બોદલે દબાણની નીતિનો ઉપયોગ કરતો હોય છે. ઈન્દ્રનીલે એવો દાવો કર્યો હતો કે, આગામી સમયમાં અમારી પાર્ટી વિધાનસભા અને મહાનગરપાલિકા બંનેમાં જીત મેળવશે. રાજકોટ અને સૌરાષ્ટ્રની જનતાને ભ્રષ્ટાચારી તંત્રથી મુકિત અપાવવા તથા પોલીસ દમણથી મુકિત અપવવાનું વચન આપ્યું હતું. એટલુ જ નહીં લોકોની સુરક્ષા, બાળકોને દિલ્હીની શાળાઓ જેવું શિક્ષણ અને આરોગ્યની દિલ્હી જેવી સાધન-સુવિધાઓ રાજકોટને અપાવવાના પુરેપુરા પ્રયત્નો કરવાની લોકોને હૈયાધારણા આપી હતી. ઈન્દ્રનીલે કહયું હતું કે, જે લોકોને મારામાં વિશ્વાસ હોય અને નિડર ઉભા રહેવાની માનસીકતા હોય એવા લોકોના કામ કરવા માંગતા બધાને 'આપ'માં જોડાવવા અનુરોધ કરૂ છું. તેમણે ફરી એકવાર એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, હવે આમ આદમી પાર્ટીની ગુજરાત પર સત્તા આવશે તેમાં બહુ સમય લાગશે નહીં. ૨૦૨૨માં પ્રજા 'આપ'ને સત્તાપર બેસાડશે. એવી મને શ્રધ્ધા છે.

## કોંગ્રેસનાં પ્રતિક પર જીતેલા સાગઠીયા-કોમલબેન આપ નાં પ્રતિક પર મનપા ચૂંટણી જીતી બતાવે: મહેશ રાજપૂતનો જાહેર પડકાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૫

ઈન્દ્રનીલ રાજયગુરૂની સાથે-સાથે કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયેલા રાજકોટનાં કોંગ્રેસનાં કોર્પોરેટરો વશરામ સાગઠીયા અને કોમલબેન ભારાઈને એક ટ્વીટ કરીને કોંગ્રેસનાં નેતાએ પડકાર ફેંક્યો છે. પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી મહેશ રાજપૂતે બંને કોર્પોરેટરને એવી ચેલેન્જ આપી છે કે, બંને કોંગ્રેસનાં પ્રતિક પર ચૂંટણી જીત્યા હતા અને રાજીનામું આપી હવે આપ નાં પ્રતિક પર મહાનગરપાલિકાની ચૂંટણી જીતી બતાવો તો સાચા કહું.

મહેશ રાજપૂતે ટ્વીટ કર્યું હતું કે, કોંગ્રેસ ઝીંદાબાદ, કોંગ્રેસ મેં થે તો સબ કુછ મુમકીન થા અબ જીત કે બતાઓ કોંગ્રેસ કે બીના... જય જય કોંગ્રેસ.

આ રીતે રાજકોટ કોંગ્રેસનાં આગેવાને કોંગ્રેસનાં પ્રતિક વિના મહાનગરપાલિકાની ચૂંટણી જીતી બતાડવા બંને કોર્પોરેટરને સીધો ખુલ્લો જાહેર પડકાર કર્યો છે. આ ટ્વીટની રાજકીય આલમમાં ભારે રસપ્રદ ચર્ચા થઇ રહી છે. કેમકે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયેલા આ બંને કોર્પોરેટરોએ કોંગ્રેસ છોડ્યા છતાં નૈતિક ધોરણે કોર્પોરેટર પદેથી રાજીનામાં આપ્યા નથી. એટલે કોંગ્રેસે પડકાર ફેંક્યો છે.(૨.૧૨)

# માત્ર ૭૫ દિમાં સાડા ત્રણ કિ.મી.ના રન-વેનું કામ પૂર્ણ: અમદાવાદ સરદાર પટેલ એરપોર્ટે રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો

### કોઈપણ બ્રાઉન ફિલ્ડ રન-વે ઉપર રોજના ફક્ત ૯ કલાકના વપરાશમાં વેગવાન કામગીરી કરી: વિક્રમજનક અઢી માસના ગાળામાં બે લાખ મેટ્રિક ટન ડામર પાથર્યો



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ,તા.૧૫

અદાણી સમૂહ દ્વારા સંચાલિત અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય વિમાની મથકમાં સાડા ત્રણ કિ.મી.લાંબા રનવેના રીકાર્પેટીંગની કામગીરી માત્ર ૭૫ દિવસના વિક્રમજનક ગાળામાં પૂર્ણ કરી છે. આ સમયગાળો ભારતના સમગ્ર બ્રાઉન ફિલ્ડ રનવેમાં સર્વશ્રેષ્ઠ છે.

અમદાવાદનું સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય વિમાની મથક કોવિડના સમય પૂર્વે દરરોજની ૨૦૦ લાઇટની અવરજવરથી ધમધમતું ગુજરાતનું સૌથી વ્યસ્ત મથક છે. નિયત લાઇટ્સના સમયપત્રકને અસર કર્યા વિના રનવેના રીકાર્પેટીંગની કામગીરી ફક્ત નવ કલાકના નોટમ (નોટીસ ટુ એરમેન)નો ઉપયોગ કરી માળખાકીય ક્ષેત્રમાં કામગીરીનો બહોળો અનુભવ ધરાવતા અદાણી ઉદ્યોગ સમૂહની અદાણી એરપોર્ટ હોલ્ડીંગ લિ.એ પડકારને ઝીલી લઇ હલ કર્યો છે.આ પ્રોજેક્ટ પૂર્ણતાને આરે લઇ જવા માટે માત્ર ૭૫ દિવસ કંપનીએ લીધા હતા. દિવસના બાકીના ૧૫ કલાક દરમિયાન સરેરાશ રોજની ૧૬૦ લાઇટ્સ માટેસરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય એરપોર્ટે રન-વે ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

આ રનવે માટે ૨૦૦ કિ.મી.ના રોડની લગોલગ જથ્થામાં ડામર પાથરવામાં આવ્યો છે જ્યારે ૪૦ મજલાની ઈમારતમાં વપરાય તેટલી કોંક્રીટનો ડ્રેનેજ સિસ્ટમ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

અગાઉ ૧૦ નવેમ્બર ૨૦૨૧થી શરૂ થયેલા આ પ્રોજેક્ટ માટે કામકાજના ૨૦૦ દિવસનું આયોજન હતું. પરંતુ કંપનીની માળખાકીય કામકાજના અનુભવની ક્ષમતા અને તેમાં નિરંતર સુધારા કરવાના પ્રયાસો તેમજ પ્રવાસી જનતાને હાલાકી ઓછી પડે તે બાબતને ટોચની અગ્રતા આપીને અદાણી સમૂહે તેના ૨૦૦ દિવસના લક્ષ્યને ઘટાડી સંસાધનોમાં ઉમેરો કરી અડધાથી પણ ઓછા ૯૦ દિવસ કર્યા હતા. કંપનીના આ પ્રયાસોમાં સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય વિમાની મથકની ઉત્સાહી ૬૦૦ ઉદ્યમી કર્મચારીઓની ટીમનો જુસ્સો અને ૨૦૦ જેટલા અત્યાધુનિક સાધનોની શકિતના પ્રચંડ સહયોગથી આ પડકારજનક કામગીરી ૧૦ લાખ સુરક્ષિત માનવ કલાકોમાં તેની પૂર્ણતાના આખરી મુકામે ફક્ત ૭૫ દિવસમાં પહોંચી હતી. અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય વિમાની મથકના રનવેના રીકાર્પેટીંગની વિક્રમરુપ કામગીરીનું અદકેરૂ મહત્વ એટલા માટે છે કે ભારતના મુંબઇ, કોચી, નવી દિલ્હી, બેંગાલુરૂ અને હેદ્રાબાદ બ્રાઉન ફિલ્ડ એરપોર્ટ વધારાના રનવે હાથવગો હોવાથી તેઓ પાસે વધુ સમય ઉપલબ્ધ રહે છે. અદાણી સમૂહે નવેમ્બર-૨૦૨૦માં એસવીપી આંતર રાષ્ટ્રીય એરપોર્ટનું સંચાલન સંભાળ્યું ત્યારે અદાણી એરપોર્ટ હોલ્ડીંગ લિ.ને રન-વેની ગુણવત્તા ઉચ્ચ ધોરણને અનુરૂપ નહી હોવાનું તેમજ ડ્રેનેજ રનવેને અવરોધક હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. રનવે રીકાર્પેટીંગનો પ્રોજેકટ ઉદ્યોગોના ધોરણો અનુસાર ત્રણ કેલેન્ડર વર્ષમાં બે તબક્કામાં પૂર્ણ કરવાનો અંદાજ રાખવામાં આવ્યો હતો. પરંતુ કંપનીએ સમગ્ર કામગીરી શક્ય તેટલા ઓછા સમયમાં પૂરી કરવાનો પડકાર ઝીલી લીધો હતો. વધુમાં એરપોર્ટ ખાતે અન્ય કામોનું અપગ્રેડેશન પણ પુરૂ કરવામાં આવ્યું છે. એરપોર્ટના રન-વેથી લઇ ટેક્સી માર્ગોને સાંકળતી એરફિલ્ડ લાઇટીંગ સિસ્ટમનો ઝગમગાટ એક અલગ નજરાણું બનીને સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય એરપોર્ટની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. આ લાઇટીંગ સિસ્ટમ સમગ્ર જિલ્લાના ૧૨થી ૧૪ ગામોની વીજળી લાઇનની સમકક્ષ છે.

ઉલ્લેખનિય છે કે અદાણી સમૂહની લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિ.ની ૧૦૦ ટકા પેટા કંપની તરીકે અદાણી એરપોર્ટ હોલ્ડીંઝ લિ.માં ૨૦૧૯માં સામેલ કરવામાં આવી હતી. સંકલિત આંતરમાળખું અને પરિવહન લોજીસ્ટિક્સમાં વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવવાની તેની દ્રષ્ટીને અનુરૂપ અદાણી સમૂહ

(અનુ.પાના નં.૪ ઉપર)

## કચ્છમાં ભૂકંપનાં ઉપરાઉપર બે આંચકા લાગ્યા, લોકોમાં ગભરાટ: કોઈ નુકશાન નથી; ભૂકંપનું કેન્દ્ર દુધઈથી ૧૯ કિ.મી. દૂર હોવાનું નોંધાયું

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
5 x 2: 200 Rs. +5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## વ્યાજખોરોની જેમ હવે ડ્રગ્સખોરોને પણ ડામી દેવા પોલીસ કટીબધ્ધ

# ડ્રગ્સ પેડલરોનું હવે આવી બનશે...

## રાજકોટમાં ક્યાંય પણ ડ્રગ્સ સહિતના નશાના કાળા કારોબાર વિશે માહિતી મળે તો પોલીસને જાણ કરો

### જો એનડીપીએસને લગતા ગુન્હાની માહિતી હોય તો પોલીસ સુધી પહોંચાડો: ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૫

ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી, ડ્રગ્સનું સેવન અને ડ્રગ્સનું વેચાણ મોટાપાયે થતુ હોવાની ઘટનાઓ અનેક વખત સામે આવતી હોય છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યની વિવિધ એજન્સીઓએ અમદાવાદ સહિત રાજ્યભરમાંથી કરોડો રૂપિયાનું અલગ અલગ પ્રકારનું ડ્રગ્સ ઝડપ્યું છે. જેથી ગુજરાતનો દરિયાકાંઠો હવે ડ્રગ્સની હેરાફેરી કરવાનું એપી સેન્ટર બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે થોડા સમય પહેલા સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં નશાનો કાળો કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યો હોવાની વાત સામે આવી હતી. રાજકોટનો એક ક્રિકેટર ચિઠ્ઠી લખી પોતાનુ ઘર છોડી નાસી છૂટ્યો હતો જેથી તેની માતા મીડિયાનો સંપર્ક કરી ન્યાયની માંગ કરી હતી. અને મહિલાએ મિડીયાને જણાવ્યું હતું કે પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. ૨૩ વર્ષનો યુવાન દીકરો ડ્રગ્સના રવાડે ચડી આજે ઘર છોડી નાસી ગયો છે. ડ્રગ-માફિયાઓ યુવાનોની જિંદગી બગાડી રહ્યા છે. તમામ ડ્રગ-માફિયાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરે તેવી મારી માંગ છે.

ત્યારે રાજકોટમાં તાજેતરમાં નિમણૂંક પામેલા ક્રાઇમ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે ચાર્જ સંભાળતાની સાથેજ ગુનેગારોને ડામવાનું શરૂ કરી દીધુ છે. અગાઉ પણ રાજકોટે મહાનગરમાં વ્યાજનાં વિષચક્રમાં ફસાતા જતા શહેરીજનોને વ્યાજનાં ચક્રમાંથી બહાર કાઢવા અને અમેને મદદરૂપ બનવા માટે હેલ્પલાઈનને અભૂતપૂર્વ અને અકલ્પનિય પ્રતિસાદ મળ્યો છે. હેલ્પલાઈન નબંર પર રજૂઆતોનો ધોધ છૂટ્યો છે ઉપરાંત બીજા અનેક પીડિત અરજદારોએ ડીસીપી સમક્ષ રૂબરૂ મળીને પણ વ્યાજખોરો વિરૂધ્ધ રજૂઆતો કરી રહયા છે ત્યારે આજે ક્રાઇમ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે મિડીયાને જણાવ્યું હતું કે, જેમ વ્યાજખોરોને ડામવામાં આવ્યા છે તે જ રીતે શહેરભરમાં જો ક્યાય ડ્રગ્સ પેડલરો એક્ટિવ હશે અથવા તો ડ્રગ્સ જેવા નશીલા પદાર્થનો કાળો કારોબાર ચાલતો હોવાની જો કોઇ પાસે માહિતી હોય અથવા તો ભવિષ્યમાં માહિતી મળે તો **૯૩૧૩૩ ૬૮૩૨૨** પર વોટસએપ કરવા અનુરોધ કરાયો છે. માહિતી આપનારનું નામ ગૃપ્ત રાખવામાં આવશે. અને એનડીપીએસ જેવા ગંભીર ગુના કરતા ગુનેગારોને ડામવા રાજકોટ પોલીસ કટીબધ્ધ છે. અને ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા શહેરમા ડ્રગ્સ વેચાંતુ હોવાની વાત વહેતી પણ થઇ હતી. શહેરભરમાં ક્યાંક એવી પણ ચર્ચાઓ ચાલે છે કે મોટી યુનિવર્સીટીઓ પાસે આ પ્રકારનું નેટવર્ક ચાલે છે અને આ જાળમાં અનેક યુવાનો પણ છે કોલેજોમાં અભ્યાસ કરતા અનેક યુવાનો તેના રવાડે પણ ચડી ગયા હોવાની ચર્ચાઓ થતી રહેતી હોય છે ત્યારે હવે આગામી દીવસોમાં ડ્રગ્સ પેડલરોનું આવી બનશે તે વાત ચોક્કસ કહી શકાય(૪.૪)

### અગાઉ મહિલા દ્વારા ડ્રગ્સ પેડલર સુધા ધામેલિયા સહિત ૪થી ૫ ડ્રગ-માફિયાનાં નામ આપવામાં આવ્યા હતા

થોડા સમય પહેલા એક મહિલા દ્વારા મિડીયાને ડ્રગ્સ પેડલર સુધા ધામેલિયા સહિત ૪થી ૫ ડ્રગ-માફિયાનાં નામ આપવામાં આવ્યા હતા. જેમાં સુધા ધામેલીયાની પોલીસે ધરપકડ કરી હતી. સુધાએ ફરી ધંધો શરૂ કર્યો હતો. ઉપરાંત જલાલ, મયુર ખત્રી, કૌશિક રાણપરા ઉર્ફે રાજભા સહિતનાઓના નામ પોલીસ સમક્ષ આપવામાં આવ્યા હતા. અને પોલીસે કાર્યવાહી કરી હતી. બાદમાં પણ સુધાને ત્યાં ડ્રગનું વેચાણ ફરી શરૂ થયું હોવાની પણ ચર્ચાઓ અનેકવાર થતી રહી છે.

**ડ્રગ્સ સહિત નશીલા પદાર્થો વિશે કોઇ માહિતી મળે તો 93133 68322 પર વોટસએપ કરો**

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.